॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગત: સુખાય

ॐ



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

જયમનબેન રા. દવે
બી.એ., એમ.એડ્.
તા. ૧૭-૧-૯૯
અમદાવાદ

પરમપૂજ્ય યોગભિક્ષુજી,

આપના ચરણારવિંદે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. આપે ભાવપૂર્ણ મોકલેલાં પુસ્તકો મળ્યાં. ખૂબ સરસ રીતે યોગ-ધ્યાન અંગે દાખલા-દલીલો સાથે સમજાવ્યું છે. ''મંત્ર વિજ્ઞાન અને ધ્યાન'' પુસ્તિકા બહુ જ ઉપયોગી માર્ગદર્શક છે. ''શાંતા'', ''મુક્તા'' આદિ બધાં જ પુસ્તકો સારાં છે. મારા શિક્ષકો પણ વાંચવા લાગ્યા છે, જેમને આ માર્ગમાં રસ છે તેવા.

આપનું જીવન-કવન યોગીનું જ છે. આશ્રમો અંગેની આપની વાત સાચી છે. જેમણે આશ્રમ ઊભો કર્યો તે ન હોય અને તેમને તેમની રીતે સાચવનાર ન હોય તો પ્રજાના પૈસા, પ્રેમ, ભાવ વગેરે બધું જ એળે જાય છે. આપે આશ્રમ નથી બાંધ્યો તે સારું છે. જેમને જાણવાની જિજ્ઞાસા છે તે આપની જ પાસે આવશે.

વધુ લખતી નથી. આપે ભાવપૂર્ણ મોકલેલી પ્રસાદી પર્યાપ્ત છે. પરમાત્મા તમારા આશીર્વાદ અમારા જેવા પર ઉતારે અને કાર્ય-ધ્યાન વગેરે કરાવે તો તેથી ઉત્તમ બીજું શું હોય?

ફુરસદે મળી જઈશ. આભાર.

જયમનના જય મહાદેવ

## -: ઓમ્ પરિવારના ઉત્સવ :-

| | | |
|---|---|---|
| ૧. | ઓમ્ગુરુદેવ જયંતિ | : ૩૧-૧૦-૨૦૦૨ - ગુરુવાર |
| | સમય | : સાંજે ૪.૩૦ થી ૮ |
| | સ્થળ | : પંકજભાઈ જે. શાહ<br>અશોક એપાર્ટમેન્ટ, સેંટ્રલ બેંકની સામેની ગલીમાં<br>સી. એન. વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ. |
| ૨. | બેસતું વર્ષ | : તા. ૫-૧૧-૨૦૦૨ સવારે ૭ થી ૮ |
| | સ્થળ | : શ્રી નૈષધભાઈ વ્યાસ<br>ગંગાધર સોસાયટી, સરદાર પટેલ સ્કૂલ સામે,<br>મણીનગર, અમદાવાદ- ૮. |

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજનહિતાય - બહુજનસુખાય)

(ઓક્ટોબર-નવેમ્બર-ડિસેમ્બર)

VOL - XV 2002-2003 ISSUE - II માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ

# ગુરુમહિમા
# (યોગરહસ્યોથી ભરપૂર - યોગનિષ્ઠારસથી તરબોળ)

– યોગભિક્ષુ

'ગુરુમહિમા'નું અતિ ગૂઢ વર્ણન કરતાં કરતાં આપણે તેના મહાત્મ્ય સુધી પહોંચી ગયા. આ તાત્ત્વિક સમજણ પ્રાપ્ત કરીને, ઓમ્‌પરિવારનાં ગુરુભાઈ-બહેનો કે જેઓ ઓમ્‌પરિવારનાં સ્વાધ્યાય-સત્સંગ-મિલન, જપયજ્ઞ વગેરે આધ્યાત્મિક કાર્યક્રમો દરમ્યાન ગુરુમહિમાનો પાઠ કરે છે તેમને 'ગુરુમહિમા'માં ભરેલાં યોગરહસ્યો વિષેનો સંપૂર્ણ ખ્યાલ આવ્યો હશે; અને તેથી હવે પછી જ્યારે જ્યારે તેઓ ગુરુમહિમાનું ગાન કરશે ત્યારે પૂરી સમજણ સાથે કરશે. અનેક સાધકો અને જિજ્ઞાસુઓને પણ આ મૌલિક સાહિત્ય વાંચીને સાધના વિષેની અનેક દિશાઓ ખૂલશે એવી આશા છે.

સવજીદાસ હવે ગુરુમહિમાના ફળની વાત કરી રહ્યા છે:

ગુરુમહિમા પ્રભાતે ગાવે,
તો કોટાનકોટિ કર્મ બળી જાવે.
ગુરુમહિમા મધ્યાહ્નને બોલે,
તો જ્ઞાનચક્ષુ અંતરનાં ખોલે.
સંધ્યાકાળ પઢે ગુરુમહિમા,
તો સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં.

પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ અને સંધ્યાકાળ; આ ત્રણ કાળમાં ગુરુમહિમા બોલવો જોઈએ. જેમને 'ગુરુના ઘરમાં' રુચિ છે, જેમને 'ગુરુ-રમત' જોવાની ઇચ્છા છે, કામના છે એમણે રોજ ત્રણ વખત ગુરુમહિમાના પાઠ કરવાનો નિયમ રાખવો જોઈએ. ગુરુમહિમાના પાઠ કરવાથી કયું ફળ પ્રાપ્ત થાય છે?

પ્રભાતે બોલવાથી 'કોટાનકોટિ કર્મ બળી જાવે.' મનુષ્ય જીવે છે ત્યાં સુધી એને બે રોટલી અને બે કપડાં જોઈએ; અને એ પ્રાપ્ત કરવા માટે એને એ કર્મો કરવાં જ પડશે. આ રીતે કોટિ-કોટિ કર્મ થયાં જ કરશે, કર્મરૂપી કાષ્ઠ ભેગાં થયાં જ કરશે. એ કોટિ-કોટિ કર્મને બાળી નાખવા માટે એ રોજેરોજ કર્મ કરતો રહે અને રોજેરોજ એ કર્મને બાળતો રહે. પ્રભાતમાં ગુરુમહિમા બોલવાથી જે કર્માશય રોજેરોજનું બંધાય છે તેનો નાશ થઈ જાય છે.

ગુરુમહિમા મધ્યાહ્ને બોલવાથી 'જ્ઞાનચક્ષુ અંતરનાં ખોલે' – જ્ઞાનરૂપી ચક્ષુને ખોલી નાખે, અંતરનાં ચક્ષુને ખોલી નાખે કે જેથી ગુરુના ઘરમાં જે જે રમતો હતી તેને જોઈ શકાય. આ બધા (અગાઉના અંકોમાં વર્ણવેલાં યોગરહસ્યો) જે 'ગુરુ' તમાશા હતા; અતિ મૂલ્યવાળા, અતિ રહસ્યવાળા જે તમાશા હતા તે ચર્મચક્ષુ દ્વારા ન જોઈ શકાય, ન સમજી શકાય તેવા હતા; જે ઇન્દ્રિયાતીત વિષયો હતા કે જ્યાં ઇન્દ્રિયોની પહોંચ નહોતી એને પહોંચી વળવા માટે, એને સમજવા માટે જ્ઞાનચક્ષુની, અંતરના ચક્ષુની જરૂરત પડે. ઇન્દ્રિયાતીત વિષયોને સમજવા માટે જ્યારે બે નેત્ર-ચર્મચક્ષુ જ્યાં કામ ના આપે ત્યાં ત્રીજા નેત્રને - ત્રીજા ચક્ષુને - બુદ્ધિના ચક્ષુને - અંતરના ચક્ષુને ખોલવું પડે. શંકરને-શિવને-મહાદેવને

ત્રણ નેત્રવાળા કહ્યા છે. ત્રીજા નેત્ર દ્વારા એમણે શું કર્યું હતું? કામદેવને બાળી નાખ્યો હતો. ત્રીજા નેત્રની કેટલી મહત્તા છે તેનો ખ્યાલ થોડા ચિંતન-મનનથી આવે છે. ત્રીજું નેત્ર ખોલ્યું અને કામદેવ બળી ગયો! બે નેત્રો જ્યાં કામ નથી કરતાં ત્યાં ત્રીજું નેત્ર સફળ થાય છે. બે ચર્મચક્ષુઓ તો વિકાર ઉત્પન્ન કરે છે. કંઈ નવી વસ્તુ જુએ છે ત્યારે એમાં વિકાર ઉત્પન્ન થાય છે, કામ ઉત્પન્ન થાય છે. પણ એ કામને, કામવાસનાને, વિકારને બાળીને ભસ્મ કોણ કરી નાખે છે? ત્રીજું નેત્ર, બુદ્ધિનું નેત્ર, જ્ઞાનનું નેત્ર – તેનાથી શિવ ભગવાને કામનું દહન કર્યું. તો સામાન્ય મનુષ્યનું જો ત્રીજું નેત્ર ખૂલે તો એ પણ કામનું દહન કરી શકે. ત્રીજા નેત્ર દ્વારા એ કામવાસનાને સૂક્ષ્મ રીતે જોઈ શકે, કામવાસનાથી ઉપજતાં સુખ-દુઃખ, સારાસારનું એ તારતમ્ય કાઢી શકે અને તેથી એમાંથી ઉપરામ પામી જાય. તેથી અહીં સવજીદાસે કહ્યું કે મધ્યાહ્ને ગુરુમહિમાનો પાઠ કરવાથી અંતરનાં જ્ઞાનચક્ષુ ખૂલી જાય છે કે જેના દ્વારા વિવેકબુદ્ધિની પ્રાપ્તિ થાય છે.

'સંધ્યાકાળ પઢે ગુરુમહિમા, તો સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં.' અને સંધ્યાકાળે-સાંજે ગુરુમહિમા બોલવાનો નિયમ રાખ્યો હોય તો શાની સિદ્ધિ? સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં. સર્વ સિદ્ધિઓની સિદ્ધિ કઈ? મનુષ્યજન્મની સાર્થકતા, મોક્ષ. તમામ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરીને આપણે શું મેળવવાનું છે? સુખ. પરંતુ ભૌતિક સિદ્ધિથી જે સુખની પ્રાપ્તિ થાય છે એ સુખ કેવું છે? ક્ષણિક, જેની પ્રતિક્રિયા છે દુઃખ.

**પરિણામ તાપ સંસ્કાર દુઃખૈર્ગુણવૃત્તિ**
**વિરોધાચ્ચ દુઃખમેવ સર્વમ્ વિવેકિનઃ**

વિવેકીજનો માટે તો જે સાંસારિક સુખ છે એ પણ પરિણામ-દુઃખ, તાપ-દુઃખ અને સંસ્કાર-દુઃખ સ્વરૂપે દુઃખમય જ છે. જે વિવેકી નથી; જેનાં વિવેકરૂપી ચક્ષુ, જ્ઞાનરૂપી ચક્ષુ, બુદ્ધિરૂપી ચક્ષુ ખૂલ્યાં નથી એને તો આ સંસારમાંથી મળતાં ભૌતિક સુખો, 'સુખો' જ લાગે છે. પણ જે વિવેકીજનો છે, જેમનાં જ્ઞાનનાં નેત્રો ખૂલી ગયા છે એમને તો બધાં સુખો, દુઃખ જ લાગે છે. કઈ રીતે? પરિણામ, તાપ અને સંસ્કારની રીતે. જેમકે સુંદર ધોયેલાં વસ્ત્રો પહેરવાનું સુખ તો મળ્યું પરંતુ એ સુખ પરિણામે દુઃખ આપનારું જ છે. હર ક્ષણે એ વસ્ત્રો મેલાં થઈ રહ્યાં છે, બગડી રહ્યાં છે, અસ્વચ્છ થઈ રહ્યાં છે અને તેના પરિણામે એ કપડાં ધોવાનું દુઃખ તો ઊભેલું જ છે. ચાહે આપણે હાથેથી કપડાં ધોઈએ, કે ચાહે પત્ની ધુએ, કે ચાહે ધોબીને ધોવા આપીએ અને બદલામાં પૈસા આપીએ પરંતુ સ્વચ્છ વસ્ત્રો પહેરવાના સુખનું પરિણામ તો દુઃખ જ છે.

તો, પહેલું પરિણામ-દુઃખ અને બીજું તાપ-દુઃખ. થોડું પણ સુખ આપણને મળે તો એ સુખને કાયમ રાખવા માટેના આપણા પ્રયત્નો હોય છે. મળેલું સુખ કોઈ આપણી પાસેથી છીનવી ના જાય એને માટે આપણે ખૂબ જ સાવધાન રહેવું પડે છે. આ રીતે મગજમાં એક પ્રકારનો 'તાપ' ઉત્પન્ન થાય છે. તાપ-દુઃખને સમજાવવા માટે અમે એક દૃષ્ટાંત આપીએ છીએ. કોઈ મનુષ્ય પાસે લાખો-કરોડો રૂપિયા હોય. આ સંપત્તિ ચોરાઈ ના જાય, લૂંટાઈ ના જાય, વેડફાઈ ના જાય, ઘટી ના જાય; આમ તે કાયમ કેવી રીતે પોતાની પાસે રહે અને તેમાં ઉત્તરોત્તર વધારો કેવી રીતે થાય તે અંગેના વિચારો દિવસ-રાત તેના મગજમાં ચાલતા રહે છે. આને કારણે તેના મગજમાં એક પ્રકારનો 'તાપ' ઉત્પન્ન થાય છે. તો એ થયું તાપ-દુઃખ.

ત્રીજું છે સંસ્કાર-દુઃખ. એક વાર સુખ ભોગવ્યું એના મન ઉપર સંસ્કાર પડે. એ સંસ્કાર વાસનામાં પરિણમે અને એ વાસના આપણને ફરી ફરી સુખ ભોગવવા ખેંચે. ફરી એ સુખ ભોગવીએ એટલે ફરીને એના સંસ્કાર પડે. એટલે ફરી પાછા સુખ ભોગવવા માટે પ્રયત્નશીલ થઈએ. આમ રેંટના ચકરાવાની જેમ ચાલ્યા જ કરે - સુખ, સંસ્કાર અને વાસના; સુખ, સંસ્કાર અને વાસના; સુખ, સંસ્કાર અને વાસના...... જેમકે એક વખત રાયપુરનાં ભજિયાં ખાધાં, બહુ ભાવ્યાં. થોડા દિવસો પછી એના સ્વાદના કારણે રાયપુરનાં ભજિયાં ખાવાનું ફરી મન થયું. બધાં કામ રોકીને રાયપુર ગયા અને ભજિયાં ખાધાં. તેનો સ્વાદ દૃઢિભૂત થયો અને તે સંસ્કારમાં પરિણમ્યો. તેથી અવારનવાર તે સ્વાદની યાદ તાજી થતાં જ ગમે તે પરિસ્થિતિમાં પણ તે સ્વાદરૂપી સુખ મેળવવાની ઇચ્છા થઈ. આમ સ્વાદરૂપી સુખ અને તેના સંસ્કાર, સ્વાદરૂપી સુખ અને તેના સંસ્કાર - આ ક્રિયા રેંટના ચકરાવાની જેમ ચાલુ જ રહી. આ થયું સંસ્કાર-દુઃખ.

આમ, આ સંસારમાંથી મળતાં બધાં સુખ વિવેકીજનો માટે પરિણામ, તાપ અને સંસ્કારની રીતે અને

સત્ત્વ, રજ અને તમ; એમ ત્રિગુણની રીતે જોતાં દુઃખ જ છે. તો સર્વ સિદ્ધિની સિદ્ધિ શેમાં છે? એવું સુખ પ્રાપ્ત કરવું કે જેની પ્રતિક્રિયા દુઃખ ના હોય. જગતનાં તમામ સુખની પ્રતિક્રિયા દુઃખ છે પરંતુ 'મોક્ષ'નું સુખ જ એક એવું સુખ છે કે જેની પ્રતિક્રિયા દુઃખ નથી, તે કેવળ સુખ જ છે. તો, જે સુખની પ્રતિક્રિયા દુઃખમાં પરિણમતી ના હોય એવું સુખ પ્રાપ્ત કરવું, એવા સુખની સિદ્ધિ પ્રાપ્ત કરવી એ સર્વ સિદ્ધિની સિદ્ધિ છે. અસ્તુ.

સવજીદાસે કહ્યું કે દરેક સાધકે, ઓમ્પરિવારનાં ભાઈબહેનોએ આ ગુરુમહિમા ત્રણ વખત બોલવાનો નિયમ રાખવો જોઈએ. ચાહે સમૂહમાં હોય તો તેમ અથવા ઘરે આપણા કુટુંબ સાથે, બાળકો સાથે ગુરુમહિમા અર્થની ભાવના સાથે ત્રણ વખત બોલીએ તો પવિત્ર મનોરંજન મળે; જેના માટે કોઈ ખર્ચ કરવો ના પડે, કષ્ટ વેઠવું ના પડે. જો મનોરંજન મેળવવા માટે સિનેમા જોવા જઈએ તો સિનેમાની ટિકિટની લાઈનમાં ઊભા રહેવું પડે, સિનેમા જોવા માટે ભીડમાં બેસવું પડે, બધાના શ્વાસોચ્છવાસથી દૂષિત થયેલો વાયુ આપણે લેવો પડે; વળી સિનેમામાં આવતાં ના જોવાનાં દશ્યો આપણાં બાળકો પણ આપણી સાથે જુએ, જેથી ખરાબ સંસ્કાર પડે - આટઆટલું થાય ત્યારે ક્ષણિક મનોરંજન મળે. જ્યારે ત્રણ વખત ગુરુમહિમા બોલીએ, સત્સંગ કરીએ તો સાત્ત્વિક અને પવિત્ર મનોરંજન મળે. એક પૈસાનું ખર્ચ નહીં, બહાર જવાનું નહીં, કષ્ટ ભોગવવાનું નહીં; ઘેર બેઠાં બેઠાં જ એ સાત્ત્વિક મનોરંજનની પ્રાપ્તિ થાય, આત્મિક ખોરાકની પ્રાપ્તિ થાય.

આપણાં ચાર પ્રકારનાં શરીરો કહ્યાં છેઃ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ. આ ચાર પ્રકારનાં શરીરોમાં સ્થૂળ શરીર, જે આપણને ચર્મચક્ષુથી દેખાય છે તે. એની અંદર રહેલા સૂક્ષ્મ શરીરને સૂક્ષ્મ ખોરાકની જરૂર છે. જેમ આપણા આ સ્થૂળ શરીરને બહારના સ્થૂળ ખોરાકની જરૂર છે તેમ સ્થૂળ શરીરની અંદર જે સૂક્ષ્મ શરીર છે તેને સૂક્ષ્મ ખોરાકની જરૂર છે. કયો ખોરાક સૂક્ષ્મ છે? પવિત્રતાથી મળતો આનંદ જ સૂક્ષ્મ ખોરાક છે. સૂક્ષ્મ શરીરને જો સૂક્ષ્મ ખોરાક ના મળે તો એ નિર્બળ થઈ જાય છે. સ્થૂળ શરીરને ગમે એવો, ગમે એટલો ખોરાક આપતા રહીએ અને સ્થૂળ શરીર ગમે તેટલું પુષ્ટ થાય પરંતુ જો તેમાં રહેલા સૂક્ષ્મ શરીરને ખોરાક ના મળે તો તે નબળું પડી જાય. તેના કારણે સ્થૂળ શરીર પણ સારું રહી શકતું નથી. જેમ કોઈ ઊંચામાં ઊંચી અને મોટામાં મોટી ઇમારતનો પાયો જો પાકો ના હોય તો એ કાચા પાયા ઉપર ઇમારત ટકી શકતી નથી. તેવી જ રીતે આપણું સૂક્ષ્મ શરીર જો પુષ્ટ ના હોય તો એ સૂક્ષ્મ શરીર ઉપર અવલંબિત એવું સ્થૂળ શરીર ટકી શકે નહીં. સ્થૂળ શરીરને ગમે એવો પૌષ્ટિક ખોરાક આપીએ તોપણ સ્થૂળ શરીર ટકવાનું નહીં અને જલદી જર્જરિત થઈ નષ્ટભ્રષ્ટ થઈ જવાનું. સ્થૂળ શરીરને સારું રાખવા માટે તેમાં રહેલા સૂક્ષ્મ શરીરને સૂક્ષ્મ ખોરાક આપવો પડે. એ સૂક્ષ્મ ખોરાક કયો છે?

સૂક્ષ્મ શરીર માટે સૂક્ષ્મ ખોરાક છે આનંદ, નિર્દોષ આનંદ, સાત્ત્વિક આનંદ. પવિત્ર અને સાત્ત્વિક આનંદની પ્રાપ્તિ શામાંથી થાય છે? સત્સંગમાંથી, ગુરુજનોની વાણીમાંથી, તેમની વાણી ઉપર ચિંતન-મનન કરવાથી, ગુરુમહિમા ગાવાથી, ગુરુમહિમા ઉપર આપણી શક્તિ પ્રમાણે પ્રવચન કરવાથી સાત્ત્વિક આનંદની પ્રાપ્તિ થાય છે. એ સૂક્ષ્મ શરીર માટેનો સૂક્ષ્મ ખોરાક છે. સૂક્ષ્મ શરીરને સૂક્ષ્મ ખોરાક મળતો રહે તો એના આધારે જ એના ઉપર ઊભેલું સ્થૂળ શરીર ટકી શકે, સ્થૂળ શરીર આરોગ્યવાળું હૃષ્ટપુષ્ટ રહી શકે. નહીં તો એની સ્થિતિ પાયા વિનાના અથવા તો કાચા પાયા ઉપર બાંધેલા મકાન જેવી થાય. અસ્તુ.

"ગુરુમહિમા મધ્યાહ્ને બોલે, તો જ્ઞાનચક્ષુ અંતરનાં ખોલે; સંધ્યાકાળ પઢે ગુરુમહિમા, તો સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં." ગુરુમહિમા ગાવાથી જે ફળ મળવાનું છે એની વાત ખુલ્લે-ખુલ્લી રીતે કરી દીધી છે. આમાં મોટાં મોટાં પ્રલોભનો આપી છેતરવાની વાત નથી. જેમકે - તમે ત્રણ વખત ગુરુમહિમા ગાશો તો તમને મોટરો મળી જશે, કે તમારા ઘેર બાળક ના હોય તો બાળકનો જન્મ થઈ જશે, કે નોકરી મળી જશે, કે જમીનમાંથી કોઈ દલ્લો મળી જશે, કે આકાશમાંથી સોનાનો વરસાદ વરસશે, કે બીમાર હશો તો સાજા થઈ જશો. એવી ખોટી-ખોટી, મોટી-મોટી વાતો કરી ખોટાં પ્રલોભનો નથી આપ્યાં, ખોટી લાલચમાં નથી રાખ્યા. પરંતુ હકીકતમાં જે કાંઈ પ્રાપ્ત થવાનું છે તે વિષેની ખુલ્લેખુલ્લી અને રોકડે-રોકડી વાત આપણી સમક્ષ મૂકી દીધી છે. સવજીદાસે એ વાત આપણી સમક્ષ રજૂ કરી જ

દીધી છે કે ગુરુમહિમા ત્રણ વખત બોલવાનો તમે નિયમ રાખશો તો તમને શું પ્રાપ્ત થશે? (૧) કોટાનકોટિ કર્મ બળી જશે. (૨) અંતરનાં જ્ઞાનચક્ષુ ખૂલી જશે.

કોટિ કર્મ બળી જાય અને જ્ઞાનચક્ષુની પ્રાપ્તિ થાય તો એમાં સર્વ સિદ્ધિની સિદ્ધિ છે જ, તો પછી સર્વ સિદ્ધિની સિદ્ધિ મળી જ જાય. એમાં કહેવાનું શું?

**ગુરુની પ્રતમા પાળશે,**
**ને કરે સદ્‌ગુરુની સેવ;**
**આખર લગી રહે એકતા,**
**તો મનુષ્ય નહીં એ દેવ.**

જેને ત્રણ વખત ગુરુમહિમા બોલવાનો નિયમ છે, જે સદ્‌ગુરુની સેવા કરે છે, જે ગુરુની પ્રતમાનું - ગુરુની મર્યાદાઓનું પાલન કરે છે અને જે આખર લગી ગુરુની મર્યાદા જાળવી રાખે છે એ મનુષ્ય, મનુષ્ય નથી પણ દેવ છે. આપણી સંસ્કૃતિમાં ત્રણ પ્રકારનાં દેવોની ગણતરી કરી છે; માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ અને આચાર્યદેવો ભવ. અહીં ગુરુમહિમામાં સવજીદાસે ગુરુ સાથે છેલ્લે સુધી એકતા રાખે એ મનુષ્યોને દેવ કહ્યા; એ ચોથા દેવ.

માતા દેવ સમાન છે. પિતા પણ દેવ સમાન છે. ગુરુદેવ એ તો દેવ છે જ કારણ કે એમને 'ગુરુ' શબ્દની પાછળ 'દેવ' શબ્દ લાગે જ છે. માતા-પિતા-ભ્રાતા કરતાં ગુરુદેવ વિશેષ છે. કેમ? કારણ કે માતા-પિતા તો આ સ્થૂળ શરીરને જન્મ જ આપે છે, પરંતુ એ સ્થૂળ શરીરથી તમામ પ્રકારનાં દુઃખોથી પર થઈ જવા માટેના સંસ્કાર રેડીને નવો જન્મ તો ગુરુદેવ જ આપે છે. તો આવા અહેતુકી કૃપાનું દાન કરવાવાળા ગુરુદેવની સાથે આખર સુધી એકતા રાખે તો એ મનુષ્ય, મનુષ્ય નથી, દેવ છે. એ દેવ કોટીનો છે તેથી આવા મનુષ્યને આપણે 'જય નારાયણ' કરીએ તોપણ આપણાં કેટલાં પાપ બળી જાય! એવો મનુષ્ય આપણા ઉપર વહાલભરી દૃષ્ટિ નાખે તો આપણાં કેટલાં કર્મકાષ્ઠનો નાશ થઈ જાય અને આપણો ઉદ્ધાર થઈ જાય!

આ કાંઈ ગુરુદેવની વાત નથી પરંતુ જેણે ગુરુદેવની સાથે એકતા સાધી લીધી છે માત્ર તેની વાત છે. એ મનુષ્ય દેવતુલ્ય છે - દેવ સમાન છે. જો એ પોતાના મોઢેથી કોઈને આશીર્વાદ આપે તો એ આશીર્વાદ ફળે છે અને એના મોઢામાંથી આપણા માટે કોઈ અશુભ નીકળી જાય તો આપણું અશુભ જરૂર થઈ જાય. તો, જે ગુરુભક્ત છે એની સાથે આપણું વર્તન કેવું હોવું જોઈએ? જેમ ગુરુદેવ સાથે આપણે વિવેક-મર્યાદાપૂર્વક વર્તીએ તે જ રીતે દેવસમાન તેમના શિષ્યો સાથે પણ વર્તવું જોઈએ. એમની કૃપાથી પણ આપણો બેડો પાર થઈ જાય.

"આખર લગી રહે એકતા." આખર લગી એકતા રાખવાની છે. આખર લગી એટલે જ્યાં સુધી આપણું શરીર ટકી રહે અને જ્યાં સુધી ગુરુદેવનું શરીર ટકી રહે ત્યાં સુધી. 'આખર' એટલે આમ તો જન્મોજન્મ સુધી. પરંતુ વ્યાવહારિક ભાષામાં આપણું આ પંચમહાભૂતનું શરીર ટકી રહે અને ગુરુદેવનું જે સ્થૂળ શરીર છે એ જ્યાં સુધી રહે ત્યાં સુધી. વળી આખર લગી એકતા તન-મન-ધનથી અને વિચાર-વાણી-વર્તનથી જળવાઈ રહેવી જોઈએ. એવી એકતા કે ગુરુદેવ સાથે એકાકાર! શાસ્ત્રોમાં અવ્યભિચારિણી ભક્તિની જે વાત આવે છે એવી ભક્તિ, એવી એકતા. આપણી વૃત્તિમાં વ્યભિચાર ના આવે, એમાંથી એકતા ના તૂટે. વ્યભિચાર એટલે વિ-અભિચાર, એકતા ન તૂટવી, અખંડપણું રહેવું. ગુરુમાં તનથી, મનથી, વિચારથી, વાણીથી ઇત્યાદિ તમામ રીતે એકાકાર થઈ જવું એનું નામ અવ્યભિચારીપણું, અવ્યભિચારી ભક્તિ. પણ આવી એકતા ક્યારે આવે? આમાં ફક્ત એકતા રાખવાની જ વાત નથી. અહીં તો સવજીદાસે બે શરતો મૂકી છે.

ગુરુદેવ સાથે એકતા તો રાખે પણ સાથે સાથે એમની સેવા પણ કરતો રહે અને ગુરુદેવની 'પ્રતમા' પાળે અને મર્યાદાનું પાલન કરે. મર્યાદાનું પાલન કરવું સહેલું નથી. તે મનુષ્ય ગુરુજનોમાં આખર સુધી એકતા રાખી શકે છે કે જે તેમની સેવા કરતો રહે છે, એમની મર્યાદાનું પાલન કરતો રહે છે. એમની મર્યાદા લોપતો નથી. ઉપરોક્ત શરતોનું પાલન થાય તો જ એકતા રહે, નહીં તો એકતા રહી જ ના શકે.

"ગુરૂની પ્રતમા પાળશે." 'પ્રતમા' શબ્દ પારિભાષિક છે. ગુરુમહિમામાં આ શબ્દ ખૂબ મહત્ત્વનો છે. ગુરુની મર્યાદા પાળવી, એમની મર્યાદામાં રહેવું. ગુરુ આપણી સાથે કયા ભાવથી વર્તતા હોય એની સાથે આપણે કાંઈ નિસ્બત નહીં, આપણને તેમનામાં ગુરુભાવ થઈ ગયો એટલે ગુરુદેવ આપણા માટે દેવ જ છે. જો આપણે એમને દેવ માનીને વર્તીએ તો આપણે પણ દેવ

બની જવાના. પણ જે ઘડીએ આપણામાં ભિન્ન ભાવ આવ્યો, ગુરુદેવમાંથી દેવપણાની ભાવના વિચલિત થઈ તે ઘડીએ આપણું દેવપણું પણ વિચલિત થઈ જવાનું.

આગળ વાત કરી કે ગુરુદેવ આપણી સાથે ગમે તેમ વર્તે તેની સાથે આપણે કાંઈ નિસ્બત નહીં. તેઓ ક્યારેક આપણી સાથે બાળકની જેમ વર્તતા હોય તો ક્યારેક મૂર્ખની જેમ વર્તતા હોય, ઘણીવાર અતિ વિદ્વાનની જેમ તો ઘણીવાર આપણી સાથે મિત્રની જેમ વર્તતા હોય, ક્યારેક આપણી સાથે દુશ્મનની જેમ વર્તતા હોય તો ક્યારેક આપણને અતિ સત્કાર આપતા હોય; ક્યારેક આપણું અપમાન કરતા હોય, ક્યારેક અતિ પ્રેમ બતાવતા હોય, ક્યારેક આપણી સાથે ઉદાસીન ભાવે વર્તે; તો આપણને તેથી શું? આપણા ભાવમાં બિલકુલ ભેદ ના આવે, બિલકુલ પરિવર્તન ન આવે. આપણા માટે તો એ જે રીતના શિરોધાર્ય, શિરોમાન્ય, પરમપૂજ્ય ગુરુદેવ હતા એવા જ રહે. આગળ પણ આ વાત આવી ગઈ. ''ગુરુકો કામી, ક્રોધી દેખે.'' ગુરુદેવને ક્યારેક આપણે કામી જોઈએ, ક્યારેક ક્રોધી જોઈએ તો પણ આપણે તેમને કામી માનીએ જ નહીં, ક્રોધી માનીએ જ નહીં; આપણે તો તેમને કેવળ ગુરુદેવ જ માનીએ. આ વાતનો વધુ વિસ્તાર ગુરુમહિમાની આ લીટી - ગુરુની પ્રતમા પાળશે - માં કર્યો છે. આપણે ગુરુદેવ સાથે કેવી રીતે વર્તવાનું છે તેનો ઉલ્લેખ અહીં કર્યો છે. ગુરુદેવને તો માનેય નથી જોઈતું કે અપમાનેય નથી જોઈતું. પરંતુ આપણે તો આપણા સંતોષ માટે, આપણી ઉન્નતિ માટે, આપણા કલ્યાણ માટે, આપણા દેવભાવને વિકસાવવા માટે એમના તરફ સતત પૂજ્યભાવ, ગુરુભાવ રાખવાનો છે.

આપણી સાથે ગુરુદેવ મિત્રતાથી વર્તતા હોય એથી આપણે એમની સાથે મિત્રતાના ભાવે ના વર્તાય. ક્યારેક આપણી સાથે અતિ મૂર્ખતાથી વર્તતા હોય તેથી આપણાથી એમને મૂર્ખ ના માની લેવાય. ક્યારેક આપણી સાથે દુશ્મનભાવે વર્તતા હોય તેથી એ આપણા દુશ્મન નથી. ક્યારેક અતિ પ્રેમથી બોલાવતા હોય, તો ક્યારેક તિરસ્કારથી બોલાવતા હોય. તો, જ્યારે તિરસ્કારથી બોલાવતા હોય ત્યારે આપણા તરફનો તેમનો પ્રેમ ઘટી નથી જતો. આમ, આપણા તરફ તેઓ ગમે તે પ્રકારનો ભાવ રાખે, ગમે તે પ્રકારનું વર્તન કરે પણ આપણી 'પ્રતમા', આપણી મર્યાદામાં કોઈ ફેર ના પડવો જોઈએ. આપણે તો એમને જે માનથી, જે સન્માનથી, જે પૂજ્યભાવથી; જે રીતે પહેલાં વર્તતા હતા એ જ પ્રમાણે વર્તતા રહીએ, એમને અતિ વિચિત્ર આચરણ કરતા જોઈએ તોપણ.

ગુરુદેવ ક્યારે, કોનું કલ્યાણ કરવા માટે કોની સાથે કેવા ભાવે વર્તી રહ્યા હોય! આપણું કલ્યાણ કરવા માટે છેક હિમાલયની ચોટી ઉપરથી નીચે ઊતરી આવ્યા હોય! ગુરુદેવ ઉપર આપણા એકનો જ ઠેકો છે? તેઓ શું આપણા એકનું જ કલ્યાણ કરે? આપણા માટે ગમે એટલા નીચે ઊતરી આવે એનો વાંધો નહીં, પરંતુ બીજાના કલ્યાણ માટે નીચે ઊતરી આવે તો? તો તરત ''હું તો આમ માનતો હતો પણ આ તો આમ છે. આટલાં વર્ષે માંડ ખબર પડી.'' એવા કુવિચારો આવવા માંડે અને તરત આપણા મનમાંથી સદ્ભાવ, ગુરુદેવ માટેનો પૂજ્ય ભાવ ચાલ્યો જાય. પરંતુ તમારા એ ગુરુભાવની કસોટી માટે થઈને તો પરમાત્માએ આવી ગોઠવણ નહીં કરી હોય તેની આપણને ક્યાં ખબર છે?

ગુરુદેવ પ્રત્યેનો તમારો પૂજ્યભાવ કે જેને માટે તમે માની રહ્યા છો કે 'વાહ! મારા જેવા ભાવવાળા તો કોઈ નથી.' એ ભાવ ક્યાં સુધી અખંડ, અવિચળ રાખી શકો છો એને માટે કોઈ કસોટી તો હોવી જોઈએ ને? તો પરમાત્મા એ કસોટી ઊભી કરે છે. તેઓ તમને બતાવવા માંગે છે કે 'અમારામાં જ્યારે તમે ઉત્તમ આચરણ જોતા હતા ત્યારે તો અમને ગુરુદેવ માનતા હતા પણ જ્યારે અમારામાં નિંદનીય આચરણ જુઓ ત્યારે તમારા મનની શું સ્થિતિ થાય છે? ત્યારે તમારો ગુરુભાવ ક્યાં સુધી ટકે છે ?' આ રીતે આપણી કસોટી થતી હોય છે. એ કસોટી જ્યારે થાય ત્યારે તેમાંથી પસાર થવું એ ભલભલા માટે કઠિન હોય છે. એ વખતે તો ખરેખર જે પૂરેપૂરો શ્રદ્ધાવાળો હોય, નિષ્ઠાવાળો હોય, અવ્યભિચારિણી ભક્તિવાળો હોય તે જ આવી કસોટીમાંથી સફળતાપૂર્વક પસાર થઈ શકે, પાર ઊતરી શકે.

આપણે આપણો વિચાર કરીએ. આપણા મનમાં, આપણા ચિત્તમાં કેટલા ઊંચા, કેટલા પવિત્ર અને કેટલા ઉન્નતિકારક વિચારો આવતા રહે છે! એ ઉત્તમ વાત છે, સારી વાત છે. પરંતુ એ જ મનમાં, એ જ ચિત્તમાં કેટલા ખરાબ, કેટલા નાલાયક અને કેટલા સજાને પાત્ર વિચારો

પણ આવે છે? તો જે વખતે ખોટા વિચારો આવે છે તે વખતે શું ચિત્તને કાઢીને ફેંકી દઈએ છીએ? નથી ફેંકી દેતા. કેમ નથી ફેંકી દેતા? કારણ કે એ ચિત્ત પોતાનું છે એટલે. તો ગુરુદેવમાં જ્યાં સુધી સારું સારું જોયું ત્યાં સુધી ગુરુદેવ; અને તમારી પોતાની વ્યાખ્યાથી વિરુદ્ધ વર્તન જોયું એટલે શું ગુરુદેવને ફેંકી દેવાના? તમને આવા વિચાર આવે એનો અર્થ એ કે તમે ગુરુદેવને તમારા માનેલા જ નહોતા. તમારા પોતાના વિચારો ખોટા થયા ત્યારે તમે તમારી જાતને કેમ મારી ના નાખી? તમે કેમ નદીમાં કૂદી પડીને આપઘાત ના કર્યો? તમે કેમ તમારા પોતાના પ્રત્યેના પ્રેમમાંથી વિચલિત ના થયા? કારણ કે ત્યાં પોતાપણું હતું. પોતે પોતાને નભાવી લીધા; પોતાના ખોટા વિચારોને નભાવી લીધા.

એક દિવસમાં આપણને કેટલા ખોટા વિચારો આવતા હોય છે! અઠવાડિયામાં, મહિનામાં અને આખા વર્ષમાં કેટલા ખરાબ વિચારો આવવાના? એ બધા વિચારોને જો બહાર પાડવામાં આવે તો સરકાર ફાંસી જ આપે. એવા અને એટલા ખોટા વિચારો આપણા સૌના મનમાં આવે છે. એ વિચારોથી આપણને પોતાને શરમ અને સંકોચનો પાર નથી રહેતો. આપણે આપણી જાતે જ નીચું જોઈએ છીએ. આવા વિચારો કરનારને આપણે સજા નથી કરતા. કેમ? કારણ કે એ વિચારો તો આપણા પોતાના હતા. તો, જો તમે ગુરુદેવ સાથે એકાકાર થઈ ગયા છો, એમને તમે પોતાના જ માન્યા છે; તો એમના ખોટા વર્તનના કારણે તમે એમને સજા કેમ કરો? તો એમને માટે ખોટો ભાવ કેમ આવે? ગુરુદેવ તરફ પણ, જ્યારે તેમનામાં ખોટું જુઓ ત્યારે પણ પ્રથમની જેમ જ પ્રેમભાવ રહેવો જોઈએ.

ગુરુદેવ તમારા બંધાયેલા નથી. એમને જે રીતે વર્તન કરવું હોય એ રીતે વર્તન કરે. એ ક્યાં તમને કહે છે કે "મને ગુરુદેવ માનો." આપણે આપણા કલ્યાણ માટે તેમને ગુરુદેવ માનીએ છીએ. આપણે જેમ સ્વતંત્ર છીએ તેમ તેઓ પણ પૂર્ણ સ્વતંત્ર છે. આપણા કરતાં પણ મહાપુરુષો-ગુરુજનો તો અધિક સ્વતંત્ર હોય છે. એમણે ક્યાં પ્રપંચ ઊભો કર્યો છે કે આપણા જેટલી પરતંત્રતા એમણે ભોગવવી પડે? આપણને એમની પરીક્ષા લેવાનો અધિકાર જ ક્યાં છે? પરંતુ કદાચ પરીક્ષા આપણે લઈ નાખી અને એમાંથી એક વખત તેઓ પાસ થઈ ગયા, જેને કારણે આપણામાં એમના માટે ગુરુભાવ પેદા થઈ ગયો પછી તો સવાલ જ નથી. એક વખત એક વિદ્યાર્થીના મેટ્રિકમાં પાસ થયા પછી દર વખતે, કે જ્યાં જ્યાં એ નોકરીની તલાશમાં જાય ત્યાં ત્યાં ફરીફરીને એની મેટ્રિકની પરીક્ષા લેવામાં આવે છે? એક ડૉક્ટર બની ગયો, એક એન્જિનિયર બની ગયો પછી ફરી વખત તે જ ડિગ્રી માટે તેની પરીક્ષા લેવામાં આવે છે? દર વખતે ફરીફરીને એની એ જ પરીક્ષા લેવામાં આવે તો દર વખત એ પાસ થાય? ફર્સ્ટક્લાસ ફર્સ્ટ આવનાર જો બીજી કે ત્રીજી કે ચોથી વાર પરીક્ષા આપવા બેસે તો ફેઇલ પણ થાય. વળી આપણે તો પરીક્ષા આપવાની હોય છે એટલે આપીએ છીએ, પણ આ જગ્યાએ તો વાત જુદી જ છે. ગુરુદેવને તો કોઈની પરીક્ષામાં નથી બેસવું. એમને તો કોઈના ગુરુદેવ ક્યાં થવું છે? પરંતુ આ તો આપણે આપણી વૃત્તિઓના સમાધાન માટે ચકાસણી કરીએ છીએ, શરૂશરૂમાં; અને એ ચકાસણીમાંથી તેઓ પસાર થઈ જાય, આપણને સંતોષ થઈ જાય અને એમનામાં આપણી શ્રદ્ધેય બુદ્ધિ થઈ જાય; આપણા માટે એ ગુરુજન તરીકે નિશ્ચિત, નિર્ણીત થઈ જાય ત્યાર પછી પરીક્ષા શેની? અને વળી આપણને એમના વિષે જે ઉચ્ચ કલ્પના છે તે પ્રમાણે તેઓ ના ચાલે અને એમનું નીચા સ્તરનું જીવન જોવામાં આવે ત્યારે પણ, ખરેખર એ નીચા સ્તરનું જીવન છે કે કોઈ જીવને ઉપર લાવવા માટે પોતે નીચે ઊતરી રહ્યા છે એની પણ આપણને ખબર પડતી નથી; હકીકતમાં કોઈનું કલ્યાણ કરવા માટે નીચે ના ઊતર્યા હોય પણ ખરેખર જ તેઓ નીચા સ્તરનું જીવન જીવતા હોય તોય આપણને કશું જ કહેવાનો અધિકાર નથી.

તો, આમાં બંને વાત છે. ગુરુજનોની લઘુજનોને ખબર જ શું પડે કે ક્યારે, કોના કલ્યાણ માટે એ કઈ જાતની યુક્તિ-પ્રયુક્તિ વાપરી અને પોતાનું સર્વસ્વ એક લઘુ પાછળ ખર્ચી નાખે છે. એમનું પોતાનું સર્વસ્વ શું છે? એમનો સંયમ, એમનું તપ, એમનો જપ; એ બધાનો કેટલો ખર્ચ કરી નાખે છે, એની લઘુને કલ્પના પણ આવી શકે? સાત જન્મે પણ? અસંભવ. ગુરુજનો લઘુજનો માટે, પોતાના પ્રેમીઓ માટે, પોતાના શિષ્યો માટે, પોતાની કેટલી આધ્યાત્મિક મૂડી વાપરી નાખે છે એની કલ્પના કંઈ લઘુને આવે નહીં. આ તો શિષ્ય માટે વાપરવાની વાત

થઈ. એ જ પ્રમાણે શિષ્યના ગુરુબંધુઓ, ગુરુબહેનો માટે પણ ગુરુએ પોતાની ખૂબ મૂડી વાપરી હોય અને વાપરતા પણ હોય. એમને ક્યારે કયું પગલું લેવું પડે એ લઘુજનોની સમજમાં આવે જ નહીં. તેથી લઘુજનોએ તો કેવળ એકનિષ્ઠ રહેવું એ જ એમના માટે કલ્યાણનો માર્ગ છે. બીજું કાંઈ સમજવાનો પ્રયત્ન ના કરવો જોઈએ. એણે તો માત્ર તન, મન અને ધન અર્પણ; વિચાર, વાણી અને વર્તન અર્પણ. ગુરુ સાથે એકાકારપણું અને એમની મર્યાદાનું પાલન. અસ્તુ.

અગ્નિને અતિ નજીકથી નહીં અને અતિ દૂરથી નહીં એવી રીતે સેવવો જોઈએ. તેવી જ રીતે ગુરુસંતોને પણ અતિ નજીકથી નહીં અને અતિ દૂરથી નહીં એવી રીતે સેવવા જોઈએ. જેમ અગ્નિની અતિ નજીક જવાથી વધુ પડતી ગરમીના કારણે દાઝી જવાય છે તેમ ગુરુસંતોને અતિ નજીકથી સેવવાથી એક સમય એવો આવે છે કે જ્યારે શિષ્ય પોતાની મર્યાદા ચૂકી જાય છે. અગ્નિથી અતિ દૂર રહેવાથી તેના તાપની કોઈ અસર વર્તાતી નથી અને આપણને તેનો લાભ મળતો નથી; તેવી જ રીતે ગુરુસંતોથી અતિ દૂર રહેવાથી તેમની સંયમમૂડીનો, તેમના આધ્યાત્મિક જ્ઞાનનો શિષ્યોને લાભ મળતો નથી. તેથી ગુરુદેવને અતિ નજીકથી કે અતિ દૂરથી ના સેવવા જોઈએ.

ગુરુદેવની સાથે કઈ રીતે વર્તન કરવું, ગુરુદેવની મર્યાદાઓનું કઈ રીતે પાલન કરવું, ગમે તે પ્રકાર એમનામાં જોવામાં આવે ત્યારે પણ તેમના પ્રત્યેની પૂજ્ય બુદ્ધિનો અભાવ ના આવવા દેવો એનું નામ ગુરુની પ્રતમા પાળી કહેવાય. ગુરુની આવી પ્રતમા જે શિષ્ય પાળે તે આખર લગી ગુરુદેવ સાથે એકતા રાખી શકે. એ સિવાય તો કોની તાકાત છે કે આખર લગી એકતા રાખી શકે?

જ્યારે કોઈ મનુષ્ય તરફ આપણને પ્રેમભાવ ઓછો થઈ જાય - તિરસ્કાર ભાવ આવે તો એની સાથે આપણે રહી શકીએ? નિશ્ચિત રીતે વાતચીત કરી શકીએ? એની સાથે હરીફરી શકીએ? ખાઈ-પી શકીએ? કંઈ જ ના કરી શકીએ. કદાચ કૃત્રિમપણે અભિનય કરીએ પણ એ અભિનય લાંબો સમય ટકે નહીં. તેથી જે સમયે પ્રેમ તૂટે એ સમયે એકતા તૂટી જાય; અને એકતા તૂટે એની સાથે જ દેવપણું પણ ચાલ્યું જાય. તો ક્યારેક કુદરત પણ આવી માયા, આવી લીલા કરતી હોય છે. એ આવી બાજી ગોઠવી દેવકોટીમાં પહોંચવાની તૈયારી કરતા શિષ્યને પછાડી મારે છે. કેમકે હવે શિષ્યને હિમાલયનું છેલ્લું શિખર સર કરવાનું છે અને એ જો છેલ્લા શિખરે પહોંચી ગયો તો માયાને થશે કે હવે એ આપણા હાથમાં આવશે નહીં. એ તો છટકી ગયો બાવન અક્ષર બહાર.

**ચલતી ચક્કી દેખકર, દિયા કબીરા રોય;**
**દો પડન કે બીચમેં, સાબત બચા ન કોય.**

કાળરૂપી ચક્કીનાં-ઘંટીનાં દિવસ અને રાત્રીરૂપી બે પૈડાંઓ ફરી રહ્યાં છે - અને એની વચ્ચે દરેક જીવ પિસાઈ રહ્યો છે. માયા બધાને પીસી રહી છે. માયાને એમ થાય કે કોઈ જો મારી કાળ-ઘંટીમાંથી સાબત બચી જશે તો ચોર્યાશીના ચક્કરમાંથી છૂટી જશે, પછી મારા હાથમાં નહીં આવે. ઘંટીનાં બે પૈડાંમાં જે દાણા ઓરાતા હોય એ બધા પિસાઈ જાય, ભાંગીને ભુક્કો થઈ જાય પણ - એ ઘંટીમાં વચ્ચે ખીલ હોય છે - ખીલને ફરતા જેટલા દાણા બાઝીને રહે એ બધા આખા રહી જાય. એ દાણાને કંઈ જ ના થાય, ભલે મહિનાઓ અને વર્ષો સુધી એ ઘંટી રાત-દિવસ ફરતી રહે. ગમે એટલાં ચક્કર ફરે પણ જે દાણો ખીલનો આશરો લઈને બેઠો હોય એને ઘંટી કાંઈ જ કરી ના શકે. એમ ગુરુદેવના આશ્રયમાં, સંતજનોનાં ચરણોમાં, પરમાત્માના શરણમાં જે જીવો જઈ રહ્યા છે એ જો ત્યાં પહોંચી ગયા તો માયા તેમનું કાંઈ બગાડી શકતી નથી. અને તેથી જ જે જીવો ગુરુરૂપી ખીલની નજીક પહોંચવાની તૈયારીમાં છે એમને ત્યાં સુધી ન પહોંચવા દેવા માટે માયાની ઘંટી ફરતી હોય છે. એ એને પૂરા પહોંચવા દેતી નથી અને પાછા પછાડી મારે છે. ઘણે ઊંચે ચઢેલો સાધક જ્યારે પછડાય છે, પતન પામે છે ત્યારે પ્રચંડ વેગથી ખૂબ નીચેની ભૂમિકાએ ઊતરી જાય છે. કેમકે -

એક મણના ગોળ પથ્થરને, હિમાલયની એક ગાઉની ઊંચાઈએથી ગબડતો મૂકી દેવામાં આવે તો એનો વેગ મંદ હોય અને વચ્ચે જ રોકી લેવાનો પ્રયત્ન કરીએ તો રોકાઈ પણ જાય. પરંતુ હજાર મણનો ગોળ પથ્થર, હજાર ગાઉની ઊંચાઈએથી નીચે પડે તો એનો વેગ ભીષણ હોય, ભયંકર હોય. કોઈથી પણ એ વેગને ખાળી ના શકાય. એની હડફેટમાં જે આવે એનો કચ્ચરઘાણ કાઢી નાખે; અને એ તળેટીથી પણ ઘણે દૂર સુધી જઈ પડે. એ

પથ્થર ગબડવા માંડે, ભાગવા માંડે; એટલી ઝડપથી, એટલા વેગથી કે વચ્ચે એને જો કોઈ રોકવા મથે તો એ રોકનારાને પણ પાડી-પછાડી એના ભુક્કા બોલાવીને એ તો નીચે જ જાય. પછી એને કોઈ રોકી ના શકે. એમ, ખૂબ ઊંચે-ઊંચે સુધી પહોંચી ગયેલો સાધક જો નીચે પડવા માંડે તો એને કોઈ અટકાવી ના શકે. જો કોઈ અટકાવવા આવે તો એને પણ સાથે ભેગો લેતો જાય અથવા તો પછાડતો જાય અથવા તો બાજુમાં ફેંકી દે એટલો એનો વેગ હોય. એને કોઈ રોકી ના શકે. એ હિમાલયની તળેટીમાં અને તળેટીથી પણ ઘણો દૂર ફેંકાઈ જાય.

જો એકાદ ગાઉ ચડ્યો હોય અને પાછો પડે તો એનામાં એટલો વેગ ના હોય, એટલું જોર ના હોય. કોઈ રોકવા મથે તો રોકાઈ જાય. પાંચ ગાઉ ઊંચે ચડી ગયેલો હોય અને પછી જો એ પાછો પડે તો કોની તાકાત છે, કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે કે એ વેગને ઝીલી શકે કે રોકી શકે? પછી કાં તો એ રોકનારને ભાંગી નાખે, કાં તો એ રોકનારને હટાવી દે અને કાં તો એને પોતાની સાથે લઈ લે; ચાલ ભાઈ તું પણ મારી સાથે તળેટીમાં. ચાલ ભાઈ હરખા, આપણે બેઉ સરખા.

એ દેવ-કોટીમાં પહોંચવાની તૈયારીમાં હતો એમાંથી પાછો પડ્યો. દેવ-કોટીમાં પહોંચી જવામાં વાર નહોતી. એ, એક કે બે કે પાંચ ડગલાં આગળ વધવાથી દેવ થઈ જવાનો હતો. ત્યાંથી એ પડે પછી એનો આરોવારો નહીં. એને કોઈ ઉગારી ના શકે. માયાને ચિંતા પેસે કે હવે પાંચ ડગલાં છે; જો પાંચ ડગલાં ચાલી ગયો તો મારી મર્યાદામાંથી નીકળી ગયો; પછી કદી મારા ફાંસલામાં નહીં આવે. તેથી એ માયા આગળ પહોંચી ગયેલા સાધક ઉપર ખૂબ જોર કરે - કેમે કરીને આને એના ગુરુ પાસેથી હટાવું. જ્યાં સુધી ગુરુનો આશરો છે ત્યાં સુધી માયાનું કાંઈ ના ચાલે.

માયા પહેલામાં પહેલા શિષ્યની બુદ્ધિમાં વિકાર પેદા કરે અને એ દ્વારા એનામાં કુભાવ પેદા કરે. એક વખત શિષ્યને ગુરુદેવમાં કુભાવ પેદા થાય એટલે એ ગુરુથી છૂટો પડે અને એ ગુરુથી છૂટો પડે એટલી જ વાર! પછી તો એનું માયા પાસે શું ગજું? જેમ કુંતામાતાએ બાંધેલી રાખડીનો એક તાંતણો અભિમન્યુના કાંડે રહી ગયો હતો; ત્યાં સુધી કોઈ એનો વાળ વાંકો ના કરી શક્યું. રૂંવાડે રૂંવાડે અભિમન્યુ વીંધાઈ ગયો, એટલાં બાણ એને વાગ્યાં. પરંતુ તોય પ્રાણ ટકી રહેલા. પ્રાણ છૂટે ક્યાંથી? કુંતાજીની અમર રાખડી બાંધેલી હતી એનો એક તંતુ હજુ ચોંટેલો રહ્યો હતો. ભગવાન પોતે પણ કાંઈ કરી ના શક્યા ત્યારે તેમણે ઉંદરનું રૂપ લઈ એ તાંતણાને દૂર કર્યો અને ત્યારબાદ અભિમન્યુને મારી શકાયો.

આ તો કુંતામાતાની આશિષ-રાખડીનો એક અમર તાંતણો ચોંટેલો હતો; આખી રાખડી હોય તો તો ભગવાનેય શું કરી શકે?

**ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગું પાય?**
**બલિહારી ગુરુદેવકી, ગોવિંદ દિયો બતાય.**

રોજ સ્વાધ્યાયમાં આપણે બોલીએ છીએ -

**શિવેરુષ્ટે ગુરૌસ્ત્રાતા, ગુરૌ રુષ્ટે ન કશ્ચન**
**લબ્ધ્વા કુલગુરું સમ્યક ગુરુમેવ સમાશ્રયેત્**

શિવ ભગવાનના કોપથી તો ગુરુ આપણને બચાવી લે છે પણ ગુરુદેવના કોપથી શિવ ભગવાન પણ બચાવી શકતા નથી. તો, જો ગુરુદેવની કૃપારૂપી અમર રાખડી આપણા હાથે બાંધેલી જ હોય અને આપણે ગુરુદેવના શરણમાં જ હોઈએ તો માયાનું કંઈ ચાલે નહીં.

'શરણમાં જ' એટલે ગુરુદેવના પગમાં જ આળોટ્યા કરવું? ગુરુચરણમાં બેસી જ રહેવું? ના. 'શરણમાં જ' એટલે એમના તરફનો જે ભાવ છે, એમના તરફનો જે પ્રેમ છે, એમના તરફનું જે વાત્સલ્ય છે, એમના તરફની જે શ્રદ્ધા છે, એમના તરફનો જે પૂજ્ય-ભાવ છે; એમાં મીનમેખ ના થાય, એમાં ટસ કે મસ ના થાય. આવી મક્કમતા રહે ત્યાં સુધી માયા કંઈ જ બગાડી ના શકે. તેથી માયા પહેલો વિચાર એ કરે કે શિષ્યને ગુરુદેવના શરણમાંથી હટાવી લ્યો. અભિમન્યુ પાસેથી કેટલાને હટાવી દીધા? ભીમને હટાવી દીધો, મોટા મોટા મહારથીઓને હટાવી દીધા, રાખડીના એક તંતુને ભગવાને ઉંદરનું રૂપ લઈ હટાવી દીધો ત્યારે એ અભિમન્યુને મારી શકાયો. અસ્તુ.

"આખર લગી રહે એકતા, તો મનુષ્ય નહીં એ દેવ." આ લીટી તો સમજાવવા બેસીએ તો હજી ઘણી લાંબી ચાલે એમ છે. વળી 'પ્રતમા' શબ્દને પણ સમજાવવા માટે પુનરુક્તિનો દોષ કરીને ઘણું ઘણું કહ્યું. આ રીતે

સમજાવીએ તો જ એ દઢિભૂત-દઢભૂમિ થાય. તો આટલું વાંચી-સાંભળીને ગુરુદેવ સાથે સમજપૂર્વકની એકતા રાખીને આપણે સૌ દેવ કેમ ના થઈ જઈએ? પરમકૃપાળુ પરમાત્મા ઓમ્‌નારાયણ આપણી પાસે એવી નિષ્ઠા રખાવે, આપણી પાસે એવી પ્રતમા પળાવે, આપણી પાસે સદ્‌ગુરુની એવી સેવા કરાવે કે જેથી આખર સુધી તેમની સાથે એકતા રાખીએ અને એ એકતા દ્વારા મનુષ્યમાંથી દેવ થઈ જઈએ. પશુપક્ષી કરતાં મનુષ્ય ઊંચી કોટિમાં છે અને મનુષ્ય કરતાં દેવ ઊંચી કોટીમાં છે. મનુષ્ય જન્મ ધારણ કરીને પશુપક્ષીની યોનિમાં ના જવું જોઈએ. ઉપરની કોટીમાં ના જઈએ તો છેવટે મનુષ્યના મનુષ્ય તો રહીએ જ. મનુષ્યના મનુષ્ય ક્યારે રહી શકીએ? જ્યારે મનુષ્યથી પણ ઊંચી કક્ષામાં જવાનો પ્રયત્ન કરતા રહીએ ત્યારે. કેવળ મનુષ્ય જ રહેવાનો પ્રયત્ન કરીશું તો પશુપક્ષીની યોનિમાં ચાલ્યા જવાના. પરંતુ મનુષ્યથી ઊંચી દેવયોનિમાં જવાનો જો પ્રયત્ન કરીશું તો ભલે દેવયોનિમાં નહીં જઈ શકીએ તોય છેવટે મનુષ્યના મનુષ્ય તો રહીશું જ. મનુષ્યજન્મની સાર્થકતા કરીએ, આખર સુધી ગુરુજનોની સાથે એકતા રાખીને. અસ્તુ.

(ક્રમશઃ) ("ગુરુમહિમા" પુસ્તકમાંથી સાભાર)

# ભગવાન હવે ક્યારે અવતાર લેશે?

## (ગુરુપૂર્ણિમા મહોત્સવનો પ્રેરણાદાયી અહેવાલ)

સંકલન - નૈષધ વ્યાસ

ઓમ્‌પરિવારના ઉપક્રમે અને ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણ ધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટના સહયોગથી તા. ૨૪/૭/૨૦૦૨ને બુધવારના રોજ "ગુરુપૂર્ણિમા મહોત્સવ" ઉજવાયો. દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્થળ હતું ઈચ્છાબેનની વાડી, કાંકરીઆ, અમદાવાદ.

કાર્યક્રમની આમંત્રણ પત્રિકાઓ અગાઉથી પોસ્ટ કરેલી હતી, જેમાંનું તાત્ત્વિક સાહિત્ય અદ્વિતીય હતું. આમંત્રણ પત્રિકાના પહેલા પાને પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનો ભાવવાહી ફોટો હતો. ફોટા નીચેનું લખાણ આ મુજબ હતું -

### સુખશાંતિ ભરપૂર

**લોભીપણું મહાપાપનું મૂળ છે,**
**ઉડાઉપણું જીવનભક્ષક શૂળ છે,**
**મધ્યમમાર્ગ જ પૂર્ણ અનુકૂળ છે,**
**તેમાં જ સુખશાંતિ ભરપૂર છે.**

પત્રિકાના બીજા પાને કાર્યક્રમની વિગતો હતી. પત્રિકાની સાથે, પૂજ્યશ્રીએ ખૂબ મહેનતપૂર્વક તૈયાર કરેલ સત્‌સાહિત્ય પ્રચાર પત્રિકા નં. ૭૪ હતી. પ્રચાર પત્રિકાના પહેલા બે લેખ - "આતંકવાદ નાથવો છે?" અને "વેરથી વેર શમશે નહીં અને જ્યારે પણ શમશે ત્યારે પ્રેમથી જ શમશે" - અહિંસાના ચમત્કાર વિષેના હતા જેમાં પૂજ્યશ્રીએ અનેક પ્રકારના સચોટ દાખલા-દલીલો અને તર્ક સાથે એ સાબિત કરવાનો પ્રયત્ન કરેલો કે હિંસાનું ચક્ર કેટલું ભયંકર છે અને અહિંસા પરમ ધર્મ છે. આ બંને લેખ આપણે "ૠતમ્ભરા"ના જુલાઈ-૨૦૦૨માં પ્રગટ થયેલ અંકમાં વાંચેલા. તે સિવાયના ચાર લેખ અહીં રજૂ કરીએ છીએ.

### ભગવાન હવે ક્યારે અવતાર લેશે?

આપણા સૌના મનમાં એ પ્રશ્ન અવારનવાર ઊઠે છે કે ગીતામાં કહ્યા મુજબ ભગવાન હવે ક્યારે જન્મ લેશે? આ પ્રશ્નનું રહસ્ય ખૂબ ઊંડાણથી સમજવા જેવું છે.

જ્યારે જન્મ લેવાની જરૂરત પડે છે ત્યારે ભગવાન કોઈ એક વ્યક્તિરૂપે જ જન્મતા નથી પણ તેઓ અનેક સંતો અને સજ્જનોરૂપે અનેક દેશોમાં જન્મ ધારણ કરે છે અને તેઓ પોતપોતાની રીતે જગતનું કલ્યાણ કરતા હોય છે. હવે એક બીજું રહસ્ય પણ સમજીએ.

સજ્જન પુરુષો અને સંતજનોને લોકકલ્યાણ અર્થે જન્મ તો ધારણ કરવો છે પણ તેમને કોઈ જન્મ ધારણ કરવા જ દેતું નથી! કારણ કે હાલના સુધારાવાદ અને ફેશનવાદના ગાંડપણમાં જગતમાં અસંખ્ય ગર્ભપાત થઈ રહ્યા છે તેથી જગકલ્યાણ અર્થે જેમને જન્મવું છે તેમનો સૌનો વિનાશ

થઈ જાય છે. તેઓ અનેક વાર ગર્ભમાં આવે છે અને તેમનો અનેક વાર નિર્મમપણે નાશ કરી નાખવામાં આવે છે.

ભ્રૂણહત્યાના ગાંડપણમાં રાચનારાઓએ એ યાદ રાખવું જોઈએ કે અસંખ્ય સંતો અને સજ્જનોનો આપણે ગર્ભમાં જ ઘાણ કાઢી નાખીએ છીએ, પછી તેઓ આપણું કલ્યાણ કરવા આવે જ કઈ રીતે? અને જે સંતો, સજ્જનો અને 'અવતારો' હયાત છે, હાજર છે તેમની વાત આપણા ગળે જ ઊતરતી નથી! તેમને આપણે ગાંડા, જુનવાણી અને ગામડિયા ગણીને તેમની ઠઠ્ઠામશ્કરી ઉડાડીએ છીએ! તેઓ આપણા કલ્યાણના અનેક ઉપાયો જાણે છે છતાં તેમને મજબૂરીથી ચૂપ થઈને બેસી રહેવું પડે છે; કારણ કે આપણને તેમના તરફ પૂર્વગ્રહ થઈ ગયો છે. તેથી 'ભગવાન અવતાર કેમ નથી લેતા?' તેવો પ્રશ્ન કરવાનો કે તેવી આશા રાખવાનો આપણને કોઈને હક્ક કે અધિકાર નથી.

આપણે આપણા વચનનું જો પાલન ન કરતા હોઈએ તો ભગવાન શા માટે પોતાના વચનનું પાલન કરે? આ પ્રશ્ન સર્વેએ ખૂબ ગંભીરપણે વિચારવો પડે તેમ છે.

પંચમહાભૂતનાં બનેલાં બધાં શરીરો માતાપિતા દ્વારા જ જન્મવાના, પછી ભલે તે શરીરો દેવ, દાનવ કે માનવનાં હોય. શરીર, પિતા દ્વારા માતાના ગર્ભાશયમાં અને ત્યાર પછી જ જગતમાં જન્મ પામવાનું. આ જ પંચમહાભૂતનાં શરીરોને જન્મ લેવાનો ક્રમ છે. અને જેનો જન્મ તેનું મૃત્યુ, એ ક્રમ પણ સનાતન સત્ય છે. ભલે ગમે તેટલા મોટા અવતારી પુરુષ હોય પણ તોય કોઈ આકાશમાંથી ઊતરવાના નથી, કે નથી તો પૃથ્વીમાંથી પ્રગટ થવાના. મોટામાં મોટા અવતારી જનો, કે મોટા સંતો, કે મહાન સજ્જનો સૌ ગર્ભાશયના માધ્યમથી જ જન્મ ધારણ કરી શકે છે. ગર્ભપાતના ગાંડપણના કારણે આમાંના કોઈ જ, શરીર ધારણ કરીને સમાજકલ્યાણ માટે અવતાર ધારણ કરી શકતા નથી. અને તેથી સમસ્ત સમાજ પાપીઓ દ્વારા ધમરોળાતો અને રગદોળાતો રહે છે.

કલ્યાણકારી અનંત પ્રકારની સુખસગવડોની શોધો કરનારાઓ પણ એક પ્રકારના અવતારી પુરુષો જ ગણાય. ગર્ભપાતના કારણે આમાંના પણ કોઈ, 'અવતાર' ધારણ કરી શકતા નથી.

જે ભગવાન હાલમાં હાજર અને હયાત છે તેઓ સર્વેને પ્રાર્થના કરીએ કે તેઓ આપણને સર્વેને સન્મતિ આપે. સન્મતિ માગવા જેટલી તો આપણામાં બુદ્ધિ અને પ્રાર્થના કરવા જેટલી તો નમ્રતા હોવી જોઈએ.

જ્યારે ગર્ભાશયમાં નર્કાગ્નિના ભળભળતા અગ્નિમાં આપણું રોમેરોમ બળતું હતું ત્યારે તો ભગવાનને ખૂબ પ્રાર્થનાઓ કરી અને વચનો આપ્યાં હતાં કે હે નારાયણ! હે મહેશ્વર! આ નર્કાગ્નિમાંથી છૂટીશ તો આપનું ભજન કરીશ, આપનાં ચરણોમાં બેસીશ અને સાંખ્યનો તથા યોગનો અભ્યાસ કરીશ. પણ જે ઘડીએ જન્મ થયો અને બહારના વાયુનો સ્પર્શ થયો કે તે જ ઘડીએ બધાં જ વચનો ભૂલી ગયા અને જેમજેમ મોટા થતા ગયા તેમતેમ અનંત કાવાદાવામાં, રાગદ્વેષમાં, માનઅપમાનમાં અને અભિમાન-અહંકારમાં રમમાણ થઈ ગયા! આપણું કલ્યાણ કરે એવા આપણે આપેલાં બધાં જ વચનો આપણે ભૂલી ગયા છીએ અને ભગવાને આપેલું એક વચન આપણે યાદ રાખ્યું છે તે કેવું આશ્ચર્ય!

ભગવાન તો પોતાના વચનનું પાલન કરી જ રહ્યા છે પણ તે જોવાની પણ આપણી પાસે દૃષ્ટિ હોવી જોઈએ. અસ્તુ.

પ્રચાર પત્રિકામાં પ્રગટ થયેલા પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના ઉપરોક્ત વિચારોને પૂજ્યશ્રીના જ શબ્દોમાં આગળ વધારીએ -

"ભોજન માટે આમંત્રિત વ્યક્તિનો, મોઢા સુધી પહોંચેલો કોળિયો ઝાપટ મારીને ઉડાડી દઈએ, કે ચવાઈને તૈયાર થઈને ગળા નીચે ઊતરવાની તૈયારીમાં હોય તેવા તેના કોળિયાને તેના મોઢામાં ચમચો ઘાલીને પાછો કાઢી લઈએ તે તેની કેવી અમર્યાદ ક્રૂર મશ્કરી છે? આપણને મળતા થોડા આનંદના બદલામાં આમંત્રિતની કેવી કરુણતા સર્જીએ છીએ?! આમંત્રિત અસમર્થ છે તેથી તે આપણું બધું કઠોરપણું અને નઠોરપણું સહન કરીને મૂંગો મૂંગો ચાલ્યો તો ગયો પણ આપણા માટે તે પોતાના મનમાં કેવી ભયંકર બદલાની ભાવના ભરતો ગયો તેની લેશ પણ પરવા કર્યા વિના આપણે તો પાછા બીજાની ક્રૂર મશ્કરી કરીને આનંદ લેવાની તૈયારીમાં પડી ગયા! જેને જમાડવા જ નથી તેને ભોજન માટે આમંત્રણ જ શા માટે આપવું જોઈએ? જેને જન્મવા દેવા નથી તે જન્મવા ઉન્મુખ થાય તેવું વર્તન જ, તેવું આચરણ જ શા માટે કરવું જોઈએ? આ બધું જાતે સમજાય તેવું હોવા છતાં પણ સમજાવવું પડે છે તેથી એ

ખ્યાલ આવે છે કે આપણે અત્યારે કેવી વિકૃત પરિસ્થિતિમાં જીવી રહ્યા છીએ.

"ભોગ ભોગવવા રૂપી આમંત્રણ તો આપણે બીજા જીવને આપીએ છીએ પણ એ જ્યાં જન્મવા તૈયાર થાય છે કે એ વખતે આપણે એવું કાંઈક કરીએ છીએ કે એ જન્મી જ ન શકે. આ તેમની મહા ક્રૂર મશ્કરી છે. આપણે જન્મ્યા અને હવે કદી ન મરીએ તેવું ઈચ્છીએ છીએ. તો પછી બીજાને જન્મતા શા માટે રોકીએ છીએ? જેને જન્મતા રોકીએ છીએ તેમાં કોણ કોણ હશે તેની પણ આપણને ખબર નથી. જેને આપણે અત્યંત ચાહતા હતા અને જેઓ આપણને અત્યંત ચાહતા હતા તેઓ પણ તેમાં કેમ ન હોઈ શકે ? જેને બચાવવા માટે આપણે બધું જ બલિદાન આપવા તૈયાર હતા છતાં જેમને ન બચાવી શક્યા તેઓને આપણામાં અતિ મોહમમતા રહી ગઈ, જેથી તેઓ આપણે ત્યાં અથવા આપણા કુટુંબમાં આવવા-જન્મવા માંગે છે તેમની પણ આપણે નિર્દય મશ્કરી કરી રહ્યા છીએ. આપણા વહાલામાં વહાલા પ્રેમી આત્મીયજન આપણે ત્યાં જન્મવા કરુણ પોકાર કરે છે ત્યારે આપણે તેને ગટરગંગામાં વહાવી દઈને આનંદ માણીએ છીએ? આવું બધું કેમ કરીએ છીએ? કેવળ આપણી અજ્ઞાનતાના કારણે. જેમને બાથમાં લઈને ભેટવા માંગતા હોઈએ, જેમનો ચરણસ્પર્શ કરીને પુષ્પો ચડાવવા માંગતા હોઈએ તથા જેમના માટે પોતાની ચામડીના જોડા બનાવવા જેટલી ત્યાગભાવના રાખતા હોઈએ તે બધાને મૂર્ખતા અને અજ્ઞાનતાના કારણે પગ તળે કચડીને છાણમાટીમાં રખડતા અને રઝળતા મૂકી દઈએ છીએ. આ બધાં રહસ્યો સમજ્યા પછી તો ચેતીએ!

"ભોગ ભોગવતા રહીએ છતાં કોઈને જન્મવા ન દઈએ ત્યારે સ્ખલિત-સ્ખરિત થયેલા રજ-વીર્ય-બીજાણુઓનું શું થાય? તેનો સમાવેશ ક્યાં થાય? તે કેવું સ્વરૂપ ધારણ કરે?

"અનુભવીઓ કહે છે કે જેઓ જન્મી ચૂક્યા છે તેમને બીજાને જન્મતા રોકવાનો અધિકાર નથી. ખરેખર તો ભોગ ભોગવતાં છતાં, ભોગ દ્વારા જે જન્મવાના છે તેમને રોકી રાખવા જેટલું કોઈનામાં સામર્થ્ય નથી, તે કોઈના કાબૂમાં નથી. તત્પૂરતું ભલે લાગે કે કોઈ જન્મ્યું નથી. પથ્થરમાં પડેલું વૃક્ષબીજ પણ અતિ ધીમી ગતિએ છતાંય પૂર્ણ મક્કમતાથી યથાકાળે પથ્થર તોડી-ફોડીને બહાર ડોકિયું કરે જ છે. મનુષ્યની અધમ અને વિકૃત વૃત્તિનો ભોગ બનેલાં વીર્યબીજો - કે જે એક સંપૂર્ણ શરીર છે તે - અનંત રૂપે અને અનંત સ્થળે વેરાય છે, વીખરાય છે. પછી તે બીજાણુઓ પોતાને જે કાંઈ અનુકૂળ સામગ્રી અને અનુકૂળ પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે તેનો સહારો લઈને અનંત સૂક્ષ્માતિસૂક્ષ્મ દેહધારી જીવજંતુ સ્વરૂપે અને કીટાણુઓ વગેરે રૂપે પોતાને અભિવ્યક્ત કરે છે અને પછી વિકૃત માનસધારી પોતાના જનક પાસેથી પોતપોતાની રીતે બદલો લે છે. જેને પછી કમળો, કોલેરા, ટાઈફોઈડ કે મેલેરિયા ઈત્યાદિ અનેક ભિન્નભિન્ન નામો દેશકાળ પ્રમાણે અપાય છે.

"મર્યાદિત સુસંતતિ હોય તો જ સુખશાંતિ રહે એ વાતમાં કાંઈ શંકા નથી પરંતુ સંતતિની વ્યાપક વ્યાખ્યા પણ સમજવી જરૂરી છે. આપણે તો માત્ર પુત્ર-પુત્રીરૂપે સંતતિ થાય તેને જ સંતતિ કહીએ છીએ. સ્ત્રી-પુરુષનું સત્ત્વ કે જે વિકૃત થઈને અનંત રૂપે વાતાવરણમાં વ્યાપે છે તે પણ તેમની સંતતિ જ છે. આટલી અસંખ્ય અને વિકૃત સંતતિના માતાપિતાને સુખશાંતિ ક્યાંથી હોય? મર્યાદિત સુસંતતિના માતાપિતા જ્યારે સાચા અર્થમાં થઈશું ત્યારે જ સુખશાંતિના અધિકારી થઈશું. આવા ભાગ્યશાળી અધિકારી થવા માટે સંયમી જીવન જીવવું પડશે. જો સંપ્રદાયો, સમાજો અને રાજસત્તા તરફથી સંયમી જીવનનો પ્રચાર અને પ્રસાર થાય; જો તેને ઉત્તેજન, પ્રતિષ્ઠા અને મોભો મળે તો સામાન્ય જનો માટે પણ સંયમી જીવન અઘરું નથી જ. સંયમી જીવનમાં ખોવાનું કશું જ નથી અને પ્રાપ્તિ અમૂલ્ય છે. જે આચરણ કરવાથી અને જે વિચારો રજૂ કરવાથી પૂર્વકાળમાં સમાજમાં ઉલ્કાપાત મચી જતો હતો અને જેને મહાપાપ ગણવામાં આવતું હતું તેને દીર્ઘકાલીન રાજ્યાશ્રય મળવાથી હાલમાં તે સાવ સ્વાભાવિક લાગે છે અને ઈનામને પાત્ર ગણાય છે, તો બધી બાજુની અને બધા તરફથી હૂંફ મળતાં સંયમધર્મ સ્વાભાવિક અને સરળ કેમ નહીં લાગે?

"અસંયમી જીવનનો અખતરો જો હવે પૂરો થયો હોય તો સંયમધર્મને અપનાવીએ અને આચરીએ. મરજીવાઓ જ આવી પહેલ કરી શકશે અને કરાવી શકશે.

"જે પુરાતનકાળનું ગણાતું હતું અને તેથી કપોળકલ્પિત મનાતું હતું તે અર્વાચીનકાળમાં ભૌતિક

વિજ્ઞાન દ્વારા પણ સાબિત થઈ ચૂક્યું છે કે ગર્ભસ્થ શિશુ ઉપર તેનાં માતાપિતાનાં આહાર, વિહાર, વિચાર, વાણી, વર્તન ઇત્યાદિની અસર ખૂબ પડે છે અને તે ચિરસ્થાયી રહે છે. શોધકોએ તો સ્વાનુભવથી ત્યાં સુધી નક્કી કરી લીધું છે કે ગર્ભાવસ્થા દરમિયાન અમુક જ પ્રકારનો આહાર-વિહાર રાખવાથી અને આવશ્યક ચોકસાઈ રાખવાથી નવજાત શિશુના સ્થૂળ શરીરને પણ ધાર્યા મુજબ રૂપ અને રંગ આપી શકાય છે. તેથી જ તો ઋતુદાન અર્થાત્ બીજારોપણ પૂર્વે અને તે વખતે નિશ્ચિત વિધિ અનિવાર્યપણે આચરવાનો ઋષિમુનિઓનો મત હતો. એ મુજબ આચરણ કરવાથી ધાર્યા મુજબ સંતતિ પ્રાપ્ત કરી શકાતી હતી.

"પ્રજા ઉત્પન્ન કરવાની ક્રિયાવિધિ માટે 'ઋતુદાન' શબ્દ પ્રયોજ્યો છે તે ખૂબ ઉચિત છે. 'ઋતુ', 'દાન' અને 'ઋતુદાન' એ ત્રણ શબ્દોમાં ગંભીર અને અતિ ઉપયોગી અર્થો સમાવી દેવામાં આવ્યા છે. તે શબ્દોનું ચિંતનમનન કરવાથી 'સુસંતતિવિજ્ઞાન' વિષેની ઘણી જાણકારી મેળવી શકાય એમ છે. તેમાંનો 'દાન' શબ્દ ખૂબ સૂચક છે. "દાન કરી રહ્યા છીએ, સમાજ માટે ભોગ આપી રહ્યા છીએ" એવી વૃત્તિ, તેવી ભાવના એ ક્ષણમાં હોવી જોઈએ તેવી સૂચના 'દાન' શબ્દમાં ગૂંથી દેવાઈ છે. મહાયત્ને ભેગી કરેલી મૂડીનું સમાજના કલ્યાણ માટે દાન કરી દેવાનું છે, માનવવંશતંતુ સતત ચાલુ રહે તે માટે પોતાના તરફથી પણ એક અંજલિ આપવાની છે. "ભોગ ભોગવીએ છીએ" એ ભાવનાથી નહીં પરંતુ "ભોગ આપીએ છીએ" એ ભાવનાપૂર્વક જ્યારે પ્રજોત્પત્તિ થશે ત્યારે જગત કાંઈ જુદું જ હશે.

"પુરાણોમાં એક રહસ્યમય કથા છે કે દધીચિ ઋષિનાં હાડકાંમાંથી બનેલા શસ્ત્રથી દેવો અસુરો ઉપર વિજય મેળવે છે.

"દેવો ભોગી છે. સંયમ વિના અસુરો ઉપર જીત મેળવી ના શકાય. તેથી દેવો સંયમના સ્વામી દધીચિ ઋષિ પાસે તેમનાં હાડકાંની માગણી કરે છે. ઋષિજી સમાજના કલ્યાણ માટે ઘણી ખુશી સાથે પોતાના પ્રાણ સમાન પોતાના સંયમનિધિનું અધિકારીને દાન કરી દે છે.

"'હાડકાં' એટલે શું તે રહસ્ય થોડા ધ્યાનસ્થ થઈને વિચારવાથી સમજાઈ જાય છે. આ કથાનું પ્રમાણ આપીને ધુતારાઓ પોતાની કામવાસનાની તૃપ્તિ કરવા માટે ભોળી પ્રજાને આકર્ષી શકે નહીં તે આશયથી આ કથામાં પુરાણકારે 'હાડકાં' શબ્દ વાપર્યો છે. આયુર્વેદની દૃષ્ટિએ શરીર સાત ધાતુ(તત્ત્વ)નું બનેલું છે. યથા - રસ, રક્ત, માંસ, મેદ, મજ્જા, હાડકાં અને શુક્ર (વીર્ય). હાડકાં વીર્યની ઘણી નજીકની ધાતુ છે. આ પરથી પણ હાડકાં એટલે શું તે કલ્પી શકાય છે.

"ભૂમિમાં વાવેલું બીજ જ પરિવર્તિત થઈને વૃક્ષ થાય છે. જે જાતનું બીજ હોય તે જાતનું જ વૃક્ષ થાય છે. બીજ અનેક છે, ભૂમિ એક છે. ભૂમિ તો માત્ર બીજને ઊગવામાં સહાયતા કરે છે. અનુકૂળ-પ્રતિકૂળ ભૂમિની અસર બીજ ઉપર જરૂર થાય છે. કોઈ ભૂમિ તો બીજ ઊગી જ ન શકે તેવી પણ હોય છે. ભૂમિ એક હોવા છતાં જુદા જુદા બીજોના કારણે જુદાં જુદાં વૃક્ષો અને જુદા જુદા સ્વાદવાળાં તેમનાં ફળો થાય છે.

"સ્ત્રીતત્ત્વ ભૂમિ છે અને પુરુષતત્ત્વ બીજ છે. પરંતુ જીવની તુલનાએ પુરુષતત્ત્વ પણ ભૂમિ જ છે. વત્તાઓછા વિકાસ કે વત્તાઓછા સ્વાદનો આધાર ભૂમિ પર જરૂર રહે છે.

"બ્રહ્મગર્ભમાં સ્થિત સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવ પોતાની સૂક્ષ્મતાને ક્રમપૂર્વક છોડતો છોડતો પૃથ્વી સુધી પહોંચે છે. ત્યાં સુધી તેના અનેક જન્મો થઈ જાય છે. પુરુષના અર્થાત્ પિતાના શરીરમાં પ્રવેશ એ તેનો પ્રથમ સ્થૂળ જન્મ છે. ત્યાંથી વીર્યના માધ્યમથી તેનો બીજો સ્થૂળ જન્મ સ્ત્રીમાં અર્થાત્ માતાના શરીરમાં ગર્ભાશયમાં થાય છે. શરીર ધારણ કરીને તે પૃથ્વી પર પ્રગટે છે તે તેનો ત્રીજો સ્થૂળ જન્મ છે અને યોગ્ય વયે તેના યોગ્ય સંસ્કાર થાય છે તે તેનો 'સંસ્કાર જન્મ' કહેવાય છે જેને લોકોમાં બીજો જન્મ ગણવામાં આવે છે, તેથી તેને દ્વિજ પણ કહે છે.

"વર્તમાનકાલીન વાયુમંડળના કારણે સ્ત્રી-પુરુષના મનમાં, વૃત્તિમાં સતત રટણ ચાલતું હોય છે કે "બાળક નથી જોઈતું, નથી જોઈતું." આવા રટણ દરમ્યાન જ બીજારોપણ થઈ જાય છે અને પછી બાળકનો જન્મ થાય છે.

"મનજીભાઈના મનમાં સતત એમ હોય કે મુળજીભાઈ નથી જોઈતા, તે મારા ઘેર ન આવે. તો પછી મુળજીભાઈને મનજીભાઈ ક્યાંથી જોઈતા હોય? તો, મુળજીભાઈને મનજીભાઈ તરફ પ્રેમભાવના-સ્નેહભાવના હોય જ ક્યાંથી?"

"નથી જોઈતું અને તોય આવી ગયું છે તેવા બાળકને પોતાનાં માતાપિતા તરફ સ્નેહ-પ્રેમ હોવાનો જ ક્યાંથી?

વાવતી વખતે જ જે બીજમાં ઝેર ભળી ગયું હોય તેના ઝાડ પાસેથી કેવા ફળની આશા રાખી શકાય? ગર્ભાધાનકાળે જ જેનામાં નિષ્ઠુરતા-નિર્મમતાના સંસ્કાર પડ્યા હોય, જેના સૂક્ષ્મ-સ્થૂળ શરીરનું ગઠન જ સ્નેહ-પ્રેમ વિના થયું હોય તેના તરફથી તેનાં માતાપિતા સ્નેહ-પ્રેમ, મમતા પામે જ ક્યાંથી? અને તો કુટુંબમાં સહકાર-સંગઠન રહે જ ક્યાંથી? સંગઠન અને સહકાર વિનાના પરિવારો વધતા જાય પછી સુખશાંતિ રહે ક્યાંથી? પરિવારોથી સમાજો બનેલા છે અને સમાજોથી જગત.

"પવિત્ર સંસ્કાર પડે એ માટે તુરત જન્મેલા બાળકને ગળથૂથી (જન્મ પછી બાળકને પિવડાવવામાં આવતું ગળ્યું પ્રવાહી) પણ કોઈ પવિત્ર વ્યક્તિના હાથે પિવડાવવાનો આગ્રહ રખાતો. આ વિધિ ખૂબ સૂચક છે. જેના હાથે ગળથૂથી પાવામાં આવતી હોય તેના સંસ્કાર બાળક ઉપર જન્મ થયા પછી પણ જો પડી શકતા હોય તો "નથી જોઈતું" ના સંસ્કારો કેવા ખતરનાક પડે તે સહજ સમજી શકાય તેવું છે.

"પાછળ પડેલ શિકારી કૂતરાથી બચવા માટે સસલું ખૂબ ભાગે છે. પણ જ્યારે તેને એમ લાગે છે કે કૂતરાઓ હવે પોતાને પકડી લેશે ત્યારે તે પોતાના લાંબા કાન પોતાની આંખો ઉપર ઢાંકીને એક જગ્યાએ બેસી જાય છે અને એમ માનવા લાગે છે કે હું કૂતરાને જોઈ શકતું નથી તેથી કૂતરા પણ મને જોઈ શકતા નહીં હોય! પણ તેથી કૂતરા તેને છોડી દેતા નથી. તેમ -

"ઇન્દ્રિયાધીન ભોગી મનુષ્યો પણ ભોગો છોડવાની વાત સાંભળે છે ત્યારે વ્યાકુળ થઈ જાય છે અને બચાવ માટે એમ કહેવા લાગે છે કે "આ બધી વાતો તો પુરાણી સદીઓને વર્તમાનમાં લાવવા બરાબર છે." આમ કહેવા માત્રથી કાંઈ આપત્તિઓમાંથી બચી શકાશે?

"અણુ-પરમાણુ અને રાસાયણિક યુદ્ધો ટાળી શકાયા પછી પણ ઉપરોક્ત સાચી જાણકારી પ્રાપ્ત કરી અને તે પ્રમાણેનું વર્તન કર્યા વિના શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય નહીં. અનંત રોગો, વિકારો, ત્રાસો અને હિંસા વગેરેનાં જે કારણો છે તે કારણોથી જ વિનાશી શોધો કરવાની સ્ફુરણા થાય છે, વિનાશી શોધોનું પ્રેરક બળ પણ તે જ છે. એ કારણો, વિવેકનો એટલી હદે નાશ કરી નાખે છે કે ત્યારે એટલું પણ ભાન નથી રહેતું કે પોતાની શોધો પોતાનો પણ નાશ કરી નાખશે; તે શોધોને પોતાના-પારકા જેવું કાંઈ નથી હોતું. અસ્તુ."

ઉપરોક્ત મૌલિક સાહિત્ય વાંચીને એમ લાગે છે કે પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના વિચારો એટલે જાણે તાત્ત્વિક ચિંતન-મનનનો ખજાનો, કે જે જિજ્ઞાસુ સાધકને હંમેશા સાચી સમજણ પ્રદાન કરે છે. પ્રચાર પત્રિકામાંના બાકી રહેલા ત્રણ નાના લેખો પણ અહીં રજૂ કરીએ.

## સમજુ અને અકડુ

સમજુભાઈ અને અકડુભાઈ બંને જિગરજાન દોસ્તો હતા. બંનેને એકબીજા વગર ઘડીભર ચાલે નહીં. પણ કોઈ અકળ કારણસર બંનેમાં અબોલા થયા. એક સમજુ હતો અને બીજો અકડુ સ્વભાવનો હતો. સમજુએ વિચાર કર્યો કે "અબોલામાં બંનેને નુકસાન છે. અકડુને તો આવી સમજ પડવાની નથી માટે અબોલા મટાડવાનો પ્રયત્ન મારે જ કરવો પડશે." આમ વિચારી તેણે અકડુ સાથે કોઈ પણ નિમિત્ત ઊભું કરીને બોલવાનો પ્રયત્ન કરવા માંડ્યો. પણ અકડુ એટલે અકડુ; અભિમાન અને અજ્ઞાનમાં તે એમ માનવા લાગ્યો કે "હવે કેવો પૂંછડી પટપટાવતો આવે છે! પણ હું બોલું ખરો? ના જ બોલું." સમજુએ, સ્વમાન છોડીને પણ ફરીફરીને તેની સાથે બોલવાના પ્રયત્નો કર્યા જ કર્યા. "વાણીયાભાઈ! મૂછ નીચી; તો કહે સાડા સાત વાર નીચી." એવી નીતિ અપનાવીને પ્રયત્નો કર્યા અને અંતે સફળ થયો. અને અબોલાના કારણે થનાર નુકસાનથી પોતાને અને પેલાને બંનેને બચાવી લીધા.

## વગર પૈસે દાન-પુણ્ય

કોઈ કહે કે "મારે પણ ખૂબ દાન-પુણ્ય કરવું છે, પણ શું કરું? હું સાવ ગરીબ છું." અરે ભાઈ! પૈસા હોય તો જ દાન-પુણ્ય થઈ શકે તેવું નથી. "સમજુ" જેવી સમજણ રાખીને કુટુંબ અને સમાજમાં જીવો તો એ ઘણું મોટું દાન-પુણ્ય છે. આવા સૂક્ષ્મ અને રહસ્યમય દાન-પુણ્યની તોલે બીજા કોઈ સ્થૂળ દાન-પુણ્ય ન આવી શકે.

કોઈ કહે છે કે "મારે તો હિમાલયમાં જઈને ખૂબ ઉગ્ર તપ-સાધના કરવાં છે, પણ શું કરું? મારે ગૃહસ્થાશ્રમની ઘણી જવાબદારી નિભાવવાની છે." અરે ભાઈ! તપ-સાધના કરવા માટે હિમાલયમાં જ જવાની કાંઈ જરૂર નથી, તમે તમારા ઘરમાં જ રહીને "સમજુ" જેવી સમજણ

રાખો તો તે ઘણી મોટી સાધના છે. આવી સૂક્ષ્મ સાધનાની તોલે બીજી કોઈ સ્થૂળ સાધના આવી શકે નહીં.

## સંતોની સજ્જનતા

સંત મહારાજ પોતાના પ્રવચનમાં, પોતાના નિંદકને ખાસ આગ્રહ કરીને સભાની આગળ બેસાડે છે, એમ સમજીને કે જો આગળ બેસશે તો સત્સંગ બરાબર સંભળાશે-સમજાશે અને તો તેનું કલ્યાણ થશે. ત્યારે નિંદક એમ સમજે છે કે સંત મહારાજ મૂર્ખ છે, મને મહા જ્ઞાની સમજીને આગળ બેસાડે છે, તેમને ખબર જ પડતી નથી કે હું તેમનો નિંદક છું.

આવા મૂર્ખ, અજ્ઞાની અને અહંકારી જીવોનું કલ્યાણ કોણ કરી શકશે? કેવી રીતે કરી શકશે?

ઓમ્. . . ઓમ્. . . ઓમ્. . .

આમંત્રણ પત્રિકામાંના ઉપરોક્ત લેખોને વાંચતાં-વાંચતાં હું ભાવવિભોર થઈ ગયો. મને એમ થયું કે જાણે મારી ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી આજથી જ શરૂ થઈ ગઈ! ઉપરોક્ત તમામ વાતો એક સામાન્ય મનુષ્યના માનસનું - વિચારોનું જ પ્રતિપાદન કરે છે; જગત સમાજોથી બનેલું છે, સમાજો કુટુંબોના બનેલા છે, કુટુંબો મનુષ્યોથી રચાયેલાં છે એ ન્યાયે આ તમામ ઉપદેશો જાણ્યેઅજાણ્યે સમસ્ત વિશ્વને લાગુ પડે છે. તેથી આવી બધી વાતોને શાંત ચિત્તે વાંચીને સાચી સમજણને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન દરેક મનુષ્યે કરવો જોઈએ. આવા ઉપદેશોનું પાલન સર્વ ધર્મ, સર્વ સંપ્રદાય, સર્વ સમાજ અને સમસ્ત વિશ્વના મનુષ્યો કરી શકે. એવાં સાર્વભૌમ મહાવ્રતોનું આચરણ કરવામાં કોઈ બાધ ન આવે અને જો ખરેખર તેનું આચરણ થવા લાગે તો એ દિવસો દૂર ન રહે કે જ્યારે સ્વર્ગ પૃથ્વી ઉપર ઉતરે. પરમ ચૈતન્યતત્ત્વને સાચા દિલથી પ્રાર્થના કરીએ કે આપણે સાચા અર્થમાં ''સમજુ'' થઈએ. અસ્તુ.

તા.૨૪/૭/૨૦૦૨ના રોજ સવારે આઠ વાગ્યાથી ગુરુપૂર્ણિમા મહોત્સવનો કાર્યક્રમ શરૂ થવાનો હતો. આગલી રાત્રે ગુરુભાઈ-બહેનોએ સભામંડપને ધજા-પતાકા અને બેનરોથી સજાવેલો હતો. હોલમાં પ્રવેશતાં એ અનુભૂતિ થતી હતી કે જાણે કોઈ આધ્યાત્મિક સ્થાનમાં પ્રવેશી રહ્યા છીએ. સવારે બરાબર આઠ વાગ્યે દીર્ઘ પ્રણવોચ્ચાર સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો. ત્યારબાદ શાંતિપાઠ, પ્રણવવંદના, પ્રણવ અષ્ટક, પ્રણવ-જપ-માહાત્મ્ય અને ગુરુઅષ્ટકનું ગાન કરવામાં આવ્યું. હવે વાચિક જપયજ્ઞનો કાર્યક્રમ થવાનો હતો. જપયજ્ઞ માટે પ્રથમ ગાયત્રીમંત્ર અને ત્યારબાદ ''ૐ ગુરુ ૐ'' મંત્રની ધૂન બોલવાની હતી. ઉપસ્થિત સૌ ભાઈબહેનોને તે અંગેની સૂચના અપાયા બાદ ગાયત્રીમંત્રનો જપયજ્ઞ શરૂ થયો. ગાયત્રીમંત્ર બાદ ''ૐ ગુરુ ૐ'' મંત્રની ધૂન બોલાઈ. નવ વાગવામાં થોડો સમય બાકી હતો ત્યારે જપયજ્ઞ પૂર્ણ થયો. જપયજ્ઞ બાદ પ.પૂ.ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ રચેલ ભજન ગાવામાં આવ્યું. નવ વાગ્યે પ્રથમ બહેનો અને ત્યારબાદ ભાઈઓ નાસ્તા-દૂધની પ્રસાદી લેવા નીચે ઊતર્યાં.

નાસ્તાના વિરામ બાદ કાર્યક્રમ ફરી શરૂ થયો. શરૂઆતમાં સવજીદાસજી રચિત ગુરુમહિમા બોલવામાં આવ્યો. સૌ ગુરુભાઈબહેનો ખૂબ ઉત્સાહપૂર્વક, ભક્તિભાવપૂર્વક સ્વાધ્યાય કરી રહ્યાં હતાં. ગુરુમહિમાના ગાન બાદ ફરી એક ભજનનું ગાન શરૂ થયું. ભજન ચાલતું હતું તે દરમ્યાન પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની પધરામણી થઈ. સ્વયંસેવકોએ પૂજ્યશ્રીનો સામાન તેઓના આસનની આજુબાજુ ગોઠવી દીધો. પૂજ્યશ્રીએ આસન ગ્રહણ કર્યું. ભજન પત્યું એટલે પૂજ્યશ્રીએ સૌનું વંદન-અભિનંદન-આશિષ દ્વારા અભિવાદન કર્યું. શ્રી અજયભાઈ જાની અને તેમના કુટુંબપરિવારે પૂજ્યશ્રીનું ફૂલહાર અને ભેટ અર્પણ કરી સ્વાગત કર્યું. ત્યારબાદ પૂજ્યશ્રીએ અને અજયભાઈના પરિવારે સ્થાપન ઉપર રાખેલ ઓમ્‌ભગવાન, ગાયત્રીમાતા અને હનુમાનજીની છબીની આરતી ઉતારી.

આરતીનો કાર્યક્રમ પૂરો થયો એટલે પૂજ્યશ્રીએ એક કેસેટ વગાડી. આ કેસેટ ઉમરેઠ ઓમ્‌પરિવારનાં ગુરુભાઈબહેનોએ રેકોર્ડિંગ રૂમમાં તૈયાર કરાવી હતી. સભામંડપમાં સૌ ગુરુભાઈબહેનો શિસ્તબદ્ધ રીતે શાંતિથી બેઠાં બેઠાં કેસેટમાં વાગતી ''ગુરુબાવની'' સાંભળી રહ્યાં હતાં. ગુરુબાવનીના શબ્દોમાં પૂજ્યશ્રીના મહિમાનું વર્ણન હતું. ગુરુબાવની પૂરી થઈ એટલે પૂજ્યશ્રીએ ટેપરેકોર્ડર બંધ કરાવ્યું. પૂજ્યશ્રીએ પોતાની સાથે લાવેલા પત્રોનું વાંચન કર્યું કે જે પત્રો ગુરુપૂર્ણિમા મહોત્સવની આમંત્રણ પત્રિકા વાંચ્યા પછી લખાયેલા હતા. દેશ-વિદેશનાં ગુરુભાઈ-બહેનો ગુરુપૂર્ણિમાના કાર્યક્રમમાં હાજરી આપી શકે તેમ ન હોય ત્યારે પત્રો દ્વારા પોતાના પ્રેરણાદાયી વિચારો રજૂ કરે છે અને પૂજ્યશ્રીના આશીર્વાદની યાચના કરે છે.

પ્રેરણાદાયી પત્રોના વાંચન બાદ પૂજ્યશ્રીએ ગુરુપૂર્ણિમા મહોત્સવની આમંત્રણ પત્રિકાનું લખાણ વંચાવડાવ્યું કે જેથી પત્રિકા ન મળી હોય તેવાં ગુરુભાઈ-બહેનોને પણ પત્રિકામાંનું લખાણ સાંભળવા મળે. સૌ ગુરુભાઈ-બહેનો આ તાત્ત્વિક સાહિત્ય સાંભળીને ભાવવિભોર થઈ ગયાં, અભિભૂત થઈ ગયાં. ત્યારબાદ પૂજ્યશ્રીએ ફરી એક વખત કેસેટ વગાડી. કેસેટમાં ગુરુબાવની પતે પછી ગુરુમહિમા-ગાનથી ભરપૂર એવાં ભજનો હતાં. કેસેટ ચાલુ હતી તે દરમિયાન પૂજ્યશ્રીએ અનેક ગુરુભાઈઓને વસ્ત્રો ઓઢાડ્યાં અને ગુરુબહેનોને સાડીઓ ઓઢાડી. ગુજરાતના ખૂણેખૂણેથી આવેલા ગુરુભક્તો કાર્યક્રમની એક એક ક્ષણ માણી રહ્યા હતા. બે-એક ભજન પૂરાં થયાં એટલે પૂજ્યશ્રીએ ટેપરેકોર્ડર બંધ કરાવ્યું અને સભાને જણાવ્યું કે "ઓમ્‌પરિવારના ભક્તો અમારા (પૂજ્યશ્રીના) પંચોતેરમા વર્ષ નિમિત્તે આખા વર્ષ દરમ્યાન અમૃત મહોત્સવ ઊજવવાનું આયોજન કરી રહ્યા છે. અમૃત મહોત્સવ દરમ્યાન કેવા કેવા કાર્યક્રમોનું આયોજન થઈ શકે તેનાં ઘણાં સૂચનો આવી રહ્યાં છે. હળવદ ઓમ્‌પરિવારના શ્રી રમેશભાઈ પાઠકે આ અંગેનો એક પત્ર પણ આપેલો છે. તેમણે ખૂબ સુંદર સૂચનો કરેલાં છે."

શ્રી રમેશભાઈનો પત્ર અહીં રજૂ કરીએ છીએ.

**-: અમૃત મહોત્સવ હેતે ઊજવીએ :-**

**(ગુરુભક્તો માટે મહામૂલો, પુનઃ નહીં મળનારો લહાવો)**

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનો અમૃત મહોત્સવ અર્થાત્ આખું પંચોતેરમું વર્ષ કેવી રીતે ઊજવીશું?

અમૃત મહોત્સવ વર્ષ દરમ્યાન કેવી કેવી કલ્યાણકારી પ્રવૃત્તિઓ યોજી શકાય તે અંગેનાં થોડાં નમ્ર સૂચનો.

- રમેશભાઈ પી. પાઠક મુ. હળવદ

**(અમૃત મહોત્સવ વર્ષની મુદત : તા. ૩૧/૧૦/૨૦૦૦ થી તા. ૧૯/૧૦/૨૦૦૩ ને રવિવાર સુધી)**

૧) નેત્રયજ્ઞ, રક્તદાન, સર્વ-રોગ-નિદાન કેમ્પ વગેરે યોજી શકાય.

૨) ઓમ્‌પરિવારનાં ભાઈ-બહેનો આખા વર્ષ દરમ્યાન કોઈ એક સેવા-કાર્ય કરવાનું વ્રત લઈ શકે.

૩) ૭૫મા વર્ષની શરૂઆતના પ્રથમ દિવસે અને વર્ષ પૂરું થાય તે દિવસે (તા. ૩૧/૧૦/૨૦૦૨ અને તા. ૧૯/૧૦/૨૦૦૩) બે વ્યક્તિ આરતી ઉતારે તેની સાથે ઓછામાં ઓછા ૧૦૧ દીવાની પૂ. ગુરુજી અને ઓમ્‌ભગવાનની આરતી - સૌ પોતાની જગ્યાએ બેસીને કે ઊભા રહીને ઉતારે; જેથી એક પ્રકારના નાના દીપયજ્ઞ જેવું બની જાય.

૪) વર્ષ દરમ્યાન ભંડોળ એકત્ર કરી પૂજ્ય ગુરુજીના ચરણોમાં તેમનાં સેવાકાર્યોના વિકાસ અર્થે ઓછામાં ઓછા રૂપિયા એક લાખ અગિયાર હજારની (રૂા. ૧,૧૧,૦૦૦) થેલી અર્પણ કરી શકાય. સન્માનપત્ર, શાલ વગેરે ભેટ કરી પૂજ્ય ગુરુજીનું સન્માન કરી શકાય.

૫) આધ્યાત્મિક વિષય ઉપર, પચ્ચીસ વર્ષથી ઉપરનાની અને બીજી, કોલેજના વિદ્યાર્થીઓની નિબંધ-સ્પર્ધા યોજીને બંને સ્પર્ધાના એકથી ત્રણ નંબરો મેળવનારને ઈનામો આપી શકાય.

૬) આલ્ફા કે ઈ-ટીવીનો સંપર્ક કરી સંતવાણી કે એવા કોઈ કાર્યક્રમ હેઠળ વર્ષ દરમ્યાન પૂજ્યશ્રીનાં પ્રવચનો ગોઠવી શકાય, જેથી પૂજ્યશ્રીની વાણી અને જ્ઞાનનો લાભ બહોળા સમાજને મળી શકે.

૭) વર્ષ દરમ્યાન કોઈ પણ દિવસે, કોઈ પણ સ્થળે "ઓમ્ ગુરુ ઓમ્"ની કે બીજા કોઈ મંત્રની ચોવીસ કલાકની અખંડ ધૂનનું આયોજન કરી શકાય.

૮) ઓમ્‌પરિવારનાં વડીલો કે જેઓ પંચોતેરમા વર્ષમાં પ્રવેશેલાં હોય કે તેથી વધુ ઉંમરનાં હોય તેમના સન્માનનો કાર્યક્રમ યોજી શકાય.

૯) કોઈ હોસ્પિટલમાં દર્દીઓને ફળ-વિતરણનું કાર્ય કરી શકાય.

૧૦) ઓમ્‌પરિવારનું દરેક કુટુંબ આ વર્ષ દરમ્યાન "ૠતમ્ભરા" ત્રિમાસિક સામયિકનો ઓછામાં ઓછો એક આજીવન સભ્ય બનાવી શકે.

૧૧) કોઈ સારા વૃદ્ધાશ્રમમાં આ નિમિત્તે ઓમ્‌ગુરુ પ્રેમ સમર્પણ ધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ તરફથી દાન-ભેટ મોકલી શકાય.

૧૨) પૂજ્યશ્રીના અમૃત મહોત્સવ વર્ષ નિમિત્તે જીવ સમસ્તનાં શાંતિ અને કલ્યાણ અર્થે કોઈ સ્થળ નક્કી કરી સવારના ૯ થી ૧૨ અને બપોરના ૨ થી ૫ દરમ્યાન કોઈ એક મંત્રનો જપયજ્ઞ યોજી શકાય. જપમાં બેસનાર ભાઈ-બહેનોને ફલાહાર કરાવવામાં આવે. જપયજ્ઞમાં બેસનાર અગાઉથી નામ નોંધાવે. ઓછામાં ઓછા ૧૦૧ ભાઈ-બહેનો ભાગ લે તો

સહેજે પાંચ લાખ ઉપર જપ થઈ જાય. સાંજના ૫ થી ૬ દરમ્યાન પૂજ્યશ્રીનું પ્રવચન અને આરતી રખાય.

૧૩) વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખી શકાય. પંચોતેર વૃક્ષો વાવવાનું વિચારી શકાય.

૧૪) **આસો વદ દશમના દિવસે ઓમ્‌પરિવારનું દરેક કુટુંબ પોતાના ઘર આંગણે રંગોળી કરે, આંગણે "ઓમ્ ગુરુ ઓમ્"નું અથવા ગમે તે - છેવટે આસોપાલવનું તોરણ બાંધે, દીપ પ્રગટાવે.**

૧૫) શાંતિ, પ્રેમ અને અહિંસાનો સંદેશો આપતી, ઓમ્‌પરિવારની સર્વજીવ સદ્ભાવના પદયાત્રાનું - આયોજન કરી શકાય.

૧૬) ઓમ્‌પરિવારના મહત્ત્વનાં કાર્યક્રમો-પ્રવૃત્તિઓનું આલેખન તેમજ વિવિધ ફોટાઓ તથા અન્ય માહિતી રજૂ કરતો સોવેનિયર અંક, શુભેચ્છા-જાહેરાતો મેળવીને બહાર પાડી શકાય.

૧૭) સારા પાંચેક સંતોનો સંતમિલન-સત્સંગ કાર્યક્રમ યોજી શકાય.

૧૮) ધોરણ આઠથી બારના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે એક, બે કે ત્રણ દિવસની સાનુકૂળતા મુજબની, રજાના દિવસોમાં "જીવન સૌરભ" સંસ્કાર શિબિરનું આયોજન વિચારી શકાય.

૧૯) પૂજ્ય ગુરુજીના વતન હળવદમાં તેમનું મકાન હાલ પડી ગયેલ છે ત્યાં એક નાનો હોલ બની શકે તેમ છે. હોલ બનાવી તેમાં ઓમ્ ભગવાન અને પૂજ્ય ગુરુજીના ફોટા પધરાવી નાનું એવું ઓમ્-મંદિર બનાવી શકાય. જેથી પૂજ્યશ્રીનાં સગાં, સંબંધી, સ્નેહી, ભક્તો વગેરે હળવદ આવે ત્યારે ત્યાં દર્શને જઈ શકે.

૨૦) પૂજ્યશ્રીના સુવિચારો, સુપંક્તિઓ જાહેર સ્થળો કે રોડ ઉપરની દીવાલો ઉપર લખાવી શકાય; કે બોર્ડ, બેનરો કે પટ્ટીઓ ઉપર લખાવીને જાહેર સ્થળો ઉપર મૂકી શકાય.

૨૧) અમૃત મહોત્સવના લખાણ સાથેનું, પૂજ્ય ગુરુજીનો એકાદ સંદેશ આપતું પૂજ્ય ગુરુજીના મોટા ફોટાવાળું વાર્ષિક કેલેન્ડર બહાર પાડી શકાય.

૨૨) પૂજ્ય ગુરુજીના નાના ફોટા સાથેનાં ગળામાં પહેરવા માટેનાં પેન્ડલ તૈયાર કરાવી શકાય.

૨૩) દિવાળી પહેલાં, અમૃત મહોત્સવ વર્ષના લખાણ સાથેના પૂજ્ય ગુરુદેવના ફોટાઓવાળાં કાર્ડ બહાર પાડી શકાય.

આ મુજબ જે કાંઈ થઈ શકે તે કરીએ, જેથી ઓમ્‌પરિવારનો અને પૂજ્ય ગુરુદેવનો બહોળો પ્રચાર-પ્રસાર થાય અને તેથી બહોળા પ્રમાણમાં લોકકલ્યાણ થાય.

લિ. સ્નેહાધીન રમેશભાઈ પાઠકના જય નારાયણ - જય ઓમ્‌ગુરુદેવ.

શ્રી રમેશભાઈનાં ઉપરોક્ત સૂચનો મુજબનાં જ બીજાં પણ કેટલાંક સૂચનો ઓમ્‌પરિવારને મળ્યાં છે, મળી રહ્યાં છે. આટલા કાર્યક્રમોનું આયોજન ગણ્યાંગાંઠ્યાં માણસોથી થઈ ન શકે. તો, આ સામયિકના માધ્યમ દ્વારા અમે ઓમ્‌પરિવારનાં ગુરુભાઈ-બહેનોને, જિજ્ઞાસુઓને, સાધકોને, વાચકોને આગ્રહભરી નમ્ર વિનંતી કરીએ કે તેઓ આ કાર્યક્રમનું આયોજન કરવામાં, તેને દરેક રીતે સફળ બનાવવામાં, નક્કી થયેલા કાર્યક્રમોમાં નિયમિત હાજરી આપવામાં ઓમ્‌પરિવારને મદદ કરે કે જેથી આવાં સૂચનો ફક્ત કાગળ ઉપરનું લખાણ ન બની રહે, વાસ્તવિક રૂપ ધારણ કરે. કારણ કે આપણે સૌ જાણીએ છીએ કે કહેવું ખૂબ સહેલું છે પરંતુ કરવું ખૂબ કઠિન છે. પૂજ્યશ્રી પણ અવારનવાર આ વાતને સમર્થન આપતો નીચેનો દોહરો આપણને સંભળાવે છે :

**કહની મિસરી ખાંડ હૈ, કરની તત્તા લોહ;**
**કહની કહે કરની કરે, ઐસા વીરલા કોક!**

અમૃત મહોત્સવ વર્ષની આવી વાતો કર્યા પછી પૂજ્યશ્રીએ થોડાં ભજનો સંભળાવ્યાં અને ઉપસ્થિત સર્વેને અનુરોધ કર્યો કે અમૃત મહોત્સવ વર્ષ દરમ્યાન દરેક ભક્તોએ આ કેસેટમાંની ગુરુભાવની દરરોજ એક વખત સાંભળવી.

ગુરુપૂજનનો સમય નજીક આવી રહ્યો હતો એટલે સ્વયંસેવકોએ પોતપોતાની ફરજ સંભાળી લીધી. ભજનો પૂરાં થયાં એટલે ગુરુપૂજનની જાહેરાત થઈ. પ્રથમ બહેનોએ ગુરુપૂજન શરૂ કર્યું અને જે બહેનોએ પૂજન પૂરું કર્યું તેઓ ભોજન-પ્રસાદ લેવા ગયાં. બહેનોએ પૂજન પતાવ્યું એટલે ભાઈઓએ ગુરુપૂજન શરૂ કર્યું અને તેઓ ભોજન-પ્રસાદ લેવા જોડાયા. આમ ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ સંપન્ન થયો. અસ્તુ.

## ओश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ओश्वर है।

(२५) ओश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ओश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ओश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

---

### ● ટ્રસ્ટના ઉદ્દેશો :-

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ -ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ' નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**લવાજમ દર :-**

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૨૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૨૫૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૨ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૦૧ $

**લવાજમ મોકલવાનું તથા "ઋતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-**

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૩/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.

PRINTED BOOK
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY./34/90-91

To,
LM-863 NV H
NAVJIVAN CHERITABLE TRUST
NAVJIVAN
AMDAVAD 380014

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.Q. -III 33-163/95-96 up to March-2000